મૅટ્રિકના નવા અભ્યાસક્રમ પ્રમાણે.

"ઇંગ્લંડનો ઇતિહાસ"

(ટ્યૂડર વંશ).

કર્તા,

ડી. જે. માંકડ, બી. એ.

Author of " A Handbook of Indian Administration ", " Outlines of British Constitution " and " Outlines of English History " (Tudor Period).

પહેલી આવૃત્તિ]　　૧૯૨૮　　[પ્રત ૨૦૦૦

કિમ્મત રૂ. ૦-૬-૦

પ્રસ્તાવના.

મુંબઇના યુનિવર્સિટીએ મૅટ્રિકની પરીક્ષામાં ઇંગ્લંડના ઇતિહાસ (મુખ્યત્વે કરીને ટયૂડરવંશ) માટે નિયત કરેલા નવા અભ્યાસક્રમ પ્રમાણે ગુજરાતીમાં કોઇ યોગ્ય માર્ગદર્શક પુસ્તક નહિ હોવાથી હું આ ગ્રંથ, વિદ્યાર્થીસમુદાય તરફથી માગણી આવતાં અને તેઓના પ્રત્યે સેવાભાવનાથી પ્રેરાતાં, તેઓની સમક્ષ અર્પણ કરૂં છું. મારાં ત્રણ પુસ્તકો—(1) A Handbook of Indian Administration." (2) "Outlines of British Coustitution." (3) "Outlines of English History" (Tudor Period) ના બહોળા ફેલાવાથી આ દિશામાં આગળ પ્રવૃત્તિ કરવાને મને ઉત્તેજન મળ્યું છે. મને ખાત્રી છે કે આ પુસ્તક પણ વિદ્યાર્થીભાઇઓને લાંબા વખતની જરૂરીયાત પુરી પાડશે અને મૅટ્રિકના નવા અભ્યાસક્રમ પ્રમાણે લેવાતી પરીક્ષા માટે તેઓને માર્ગદર્શક થઈ પડશે.

છેવટે અહિં મારા મિત્ર રા. રા. અમૃતલાલ લક્ષ્મીશંકર સ્વાદીયા. બી. એ. એ ગુજરાતી ભાષાંતરમાં કેટલીક ઉપયોગી સુચના આપી મદદ આપી છે તે વાસ્તે તેનો હું આભાર માનું છું.

તા. ૨૫–૮–૨૮
મિશન હાઇસ્કુલ
અમદાવાદ

ડી. જે. માંકડ. બી. એ.

Printed at the Diamond Jubilee Printing Press, Salapose Road, Ahmedabad by Devidas Chhaganlal Parikh and published by D. J. Mankad, B. A. AHMEDABAD.

અનુક્રમણિકા.

ટ્યૂડર વંશવૃક્ષ.

હેન્રિ ૭ મો.
૧૪૮૫–૧૫૦૯.

- આર્થર — મૃત્યુ: ૧૫૦૨
- **હેન્રિ ૮ મો** — ૧૫૦૯–૧૫૪૭
  - **મેરિ** — ૧૫૫૩–૧૫૫૮
  - **એલિઝાબેથ** — ૧૫૫૮–૧૬૦૩
  - **એડવર્ડ ૬ઠ્ઠો** — ૧૫૪૭–૧૫૫૩
- માર્ગારેટ — સ્કૉટલંડના રાજા ૪થા જેમ્સ સાથે લગ્ન.
  - ૫મો જેમ્સ (સ્કૉટલંડના)
    - મેરિ (સ્કૉટ લોકોની રાણી)
      - **જેમ્સ ૬ઠ્ઠો** (સ્કૉટલંડનો રાજા)
        જેમ્સ ૧લો. ઈંગ્લંડનો સ્ટૂઅર્ટ વંશનો પહેલો રાજા.
- મેરિ

ટયૂડર રાજાઓની સ્વતંત્ર રાજ્યસત્તા.

પ્રકરણ ૧ લું.

હેન્રિ ૭ મો.

(૧૪૮૫ થી ૧૫૦૯=૨૪ વરસ).

રૂપરેખાઃ—

૧. તેની ઉત્પત્તિ. ૨. યૉર્કવંશ અને લૅંકેસ્ટર વંશનો સંયોગ. ૩. ગાદી પરનો તેનો હક્ક. ૪ ગાદીને માટે ખોટા હક્ક ધરાવનારાઓના રાજ્યકાલ. ૫. ૭મા હેન્રિએ ઇંગ્લંડમાં સ્વતંત્ર રાજ્ય સ્થાપવાને માટે લીધેલાં પગલાં—(અ) સ્ટાર ચેમ્બર કચેરી (તારાગૃહ અદાલત)ની સ્થાપના. (બ) પુષ્ટિ અને પોષાકના કાયદા. (ક) જાગીર વહેંચવાની પરવાનગી. ૬. સ્વદેશ તથા પરદેશનાં રાજ્ય પ્રસંગની તેની રાજ્યનીતિ. ૭. પૉઈનિંગ્સનો કાયદો. ૮. ૭મા હેન્રિએ પોતાની તીજોરી કેવી રીતે ભરી—બેનીવોલેન્સ નામનો કર—મૉર્ટનનો કાંટો. ૯. નવી શોધો. ૧૦. તેનું મૃત્યુ તથા તેની યોગ્યતા.

૧. તેની ઉત્પત્તિઃ—

તેના બાપના પક્ષ તરફથી જોઈએ તો ૭મો હેન્રિ ૫મા હેન્રિની સ્ત્રીના બીજીવારનાં લગ્નમાંથી ઉતરી આવેલો હતો. તેનો બાપ, એડમન્ડ ટયૂડર, વેલ્સનો રહેવાશી હતો અને જુના બ્રિટિશ વંશમાંથી ઉતરી આવેલો હતો તેની માના પક્ષ તરફથી જોઈએ તો તે ઘૉન્ટના જૉનનો પ્રપૌત્ર હતો એટલે કે જે કુટુંબને અમુક કાયદાથી ઈંગ્લંડની ગાદી માટે બાતલ કરવામાં આવ્યું હતું તે કુટુંબનો તે હતો. પરંતુ કોઈ સશક્ત આગેવાનને અભાવે, યૉર્કવંશના છેલ્લા વંશજ—રાજા રિચર્ડના મરણ પછી લૅંકેસ્ટ્રીઅનોના મુખી તરીકે તેને સ્વીકારવામાં આવ્યો હતો.

તેની રાજ્યપ્રાપ્તિ ઈંગ્લંડના લોકોએ ઘણા આનંદથી વધાવી લીધી કારણ કે તેઓએ તેનામાં એક હુશિયાર રાજ્યકર્ત્તા જોયો જેણે ઇંગ્લંડનું રાજ્ય કે જે ગુલાબના યુદ્ધથી છિન્નભિન્ન થઈ ગયું હતું અને

જે ગુલાબના યુદ્ધે ઉમરાવોના કુટુંબોને પાયમાલ કરી નાખ્યાં હતાં તેવા સમયે ઇંગ્લંડને સુવ્યવસ્થિત સ્થિતિમાં મૂકયું.

માત્ર ૭મા હેન્રિએજ નહિ પણ બીજા ટયૂડર રાજાઓએ ઇંગ્લંડમાં અગાઉના કરતાં પણ વધારે નિરંકુશ રાજ્ય સ્થાપ્યું. તેમ છતાં પણ તે રાજ્ય ઉમરાવોની સત્તા પર અંકુશ મૂકીને અને લોકોના હક્કો જાળવીને સ્થાપવામાં આવ્યું હતું. એમ કહેવાય છે કે પ્લેન્ટેજીનેટ વંશના છેલ્લા રાજાની પડતી પછી ઇંગ્લંડના લોકોના સુખના સમયની શરૂઆત થાય છે.

૨. યૉર્કવંશ અને લૅંકેસ્ટર વંશનો સંયોગઃ—

ટયૂડર રાજાઓના ઇંગ્લંડની ગાદીપર આવ્યા પહેલાં ઇંગ્લંડના બે પક્ષમાં વિભાગ પડી ગયા હતા-યૉર્કીસ્ટો અને લૅંકેસ્ટ્રીઅનો, અને ગુલાબના યુદ્ધોએ ઇંગ્લંડને અવ્યવસ્થા અને અંધેરમાં નાખી દીધું હતું કે જે સારી સ્થિતિમાં મૂકવાને કોઈ સાધારણ રાજાને માટે અસંભવિત હતું.

૭મો હેન્રિ, લૅંકેસ્ટ્રીઅન હોવાથી તેને તેના પક્ષનો ટેકો હતો અને તેણે યૉર્કીસ્ટ પક્ષને તેની સાથે જોડવાને દૂર અંદેશીથી ડહાપણ માન્યું. આ મુરાદ પાર પાડવાને યૉર્કવંશની એલિઝાબેથ સાથે તે પરણ્યો અને એ પ્રમાણે તેણે પોતાના વિરોધીઓની લાગણી અને ટેકો મેળવ્યો. આની તે કુટુંબોનું ઐકય કરવામાં અને દેશને વધારે ટંટા અને વિગ્રહોમાંથી બચાવવામાં સારી અસર થઈ.

૩. ગાદી પરનો તેનો હક્કઃ—

કયા કારણોને અંગે ૭મા હેન્રિએ ઇંગ્લંડની ગાદી માટે પોતાનો હક્ક વધારે મૂકયો તે ચોકસ રીતે જાણવામાં આવ્યું નથી. જો કે લાગણીમાં તે લૅંકેસ્ટ્રીઅન હતો તોપણ શુદ્ધ લૅંકેસ્ટરના વંશનો ન હોવાથી વારસદાર તરીકે તે હક્કનો દાવો કરી શકે તેમ ન હતો. કારણ કે તે બોફોર્ટ કુટુંબનો હતો કે જે કુટુંબને અમુક કાયદાથી

ઈંગ્લંડની ગાદી માટે વારસદાર તરીકે બાતલ કરવામાં આવ્યું હતું. યૉર્કવંશની એલિઝાબેથ સાથેના લગ્ન સબબ તેનો હક્ક રહેલો હતો તેમ પણ કહી શકાય નહિ.

પરંતુ મુખ્યત્વે કરીને તે જીત અને પાર્લમેન્ટની ચુંટણીના હક્કને આધારે ગાદી પર આવ્યો. તે ચતુર લડવૈયો હતો અને મુલ્કી વિગ્રહોમાં તેણે ઝંપલાવ્યું અને શાંતિ અને વ્યવસ્થા ઈંગ્લંડમાં સ્થાપી તેથી પાર્લમેન્ટે તેને અને તેના વારસોને ગાદી આપી. તેટલા માટે ટ્યૂડર રાજાઓનું રાજ્ય—જોકે આપખુદી અને સ્વતંત્ર હતું-તોપણ લોકોની ઇચ્છાને આધીન હતું જે ખરી રીતે રાજ્યકર્તાની સત્તાને તાબે હતી.

૪. ગાદીને માટે ખોટા હક્ક ધરાવનારાઓનો રાજ્યકાલઃ—

૭મા હેન્રિના ઇંગ્લંડની ગાદી પર આવ્યા પછી તેની સ્થિતિ બીલકુલ સહીસલામત ન હતી. બીજા ઘણા હરીફો હતા કે જે ઈંગ્લંડની ગાદી માટે હક્ક ધરાવતા આગળ આવ્યા. તેમાંનો પહેલો લૅમ્બર્ટ સિમ્નલ એક ભઠીયારાનો છોકરો હતો. જેણે પોતે એડવર્ડ, વૉરિકનો અર્લ—કે જે તે વખતે કેદી તરીકે ટાવરમાં હતો—તે હોવાનો ઢોંગ કર્યો.

આયર્લંડના ડેપ્યુટીએ તેને ટેકો આપ્યો અને લોકોની સંમતિથી ૪થા એડવર્ડ રાજા તરીકે તેને જાહેર કરવામાં આવ્યો. ઈંગ્લંડમાં ૭મા હેન્રિએ ખરા વૉરિકના અર્લને ટાવરથી સેન્ટ પૉલ સુધી અને ત્યાંથી મહેલ સુધી જાહેર રીતે દોરી લઈ જઈને સિમ્નલને ફજેત કર્યો. પછી ૭મા હેન્રિએ તેને પકડયો અને તેને ટેકો આપનાર રાજાની વિધવા રાણી એલિઝાબેથને કેદ કરી અને તેની મિલ્કત ખાલસા કરી. એટલામાં હેન્રિ ડબ્લિનમાં આવી પહોંચ્યો કે જ્યાં લીન્કનનો અર્લ અને ૩જા એડવર્ડનો જુનો પ્રધાન લૉવેલ બરગન્ડીની ડચેસે આપેલ ૨૦૦૦ માણસોના લશ્કર સાથે સિમ્નલ સાથે મદદમાં જોડાયા હતા. હેન્રિએ તેમના સામે કૂચ કરી. **સ્ટોક** પાસે લડાઈ થઈ; લીન્કન મરાયો; લૉવેલ નાઠો અને અદ્રશ્ય થઈ ગયો અને લૅમ્બર્ટ સિમ્નલ

પોતાના સહાયકર્ત્તાઓની સહિત છેવટે હારી ગયો અને કેદ થયો. છેવટે તેને માફી આપવામાં આવી અને દરબારી રસોડામાં રસોયા તરીકે રાખવામાં આવ્યો.

બીજો ગાદીને માટે ખોટો હક્ક ધરાવનાર પર્કિન વૉર્બેક નામનો એક જુવાન માણસ હતો. તેણે પોતે યૉર્કનો ડ્યૂક છે એવો ઢોંગ કર્યો કે જે બે ભાઇઓમાંનો એકને ટાવરમાં મારી નાખેલો ધારવામાં આવતો હતો. તેને પણ બરગન્ડીની ડચેસ તરફથી મોટો ટેકો મળ્યો. આયર્લંડમાંથી તે ઢોંગી ફ્રાન્સ ગયો અને ત્યાંથી ફ્લૅન્ડર્સ ગયો કે જ્યાં યૉર્કના સફેદ ગુલાબના ફૂલની નિશાની વાળા ખરા વંશજ તરીકે માર્ગારેટ નામની ડચેસ તરફથી તેને અંતઃકરણ પૂર્વક આવકાર મળ્યો. ફ્લૅન્ડર્સથી વૉર્બેક પાછો આયર્લંડ ગયો અને ત્યાંથી સ્કૉટલંડ ગયો કે જ્યાં સ્કૉટલંડના રાજા ૪થા જેમ્સ તરફથી તેને મદદ મળી. ત્યાં નિષ્ફળ થવાથી તે ફરીથી પાછો આયર્લંડ આવ્યો જ્યાં કૉર્નવૉલમાં બળવાનો લાભ લેવાનો તેણે વિચાર કર્યો. થોડા વખતને માટે તેની કંઇક જીત થઇ. એવામાં છેવટે રાજાના લશ્કરે તેને પકડયો અને ટાવરમાં મોકલી આપ્યો.

આ પ્રમાણે ૭મા હેન્રિને પોતે ઇંગ્લંડની ગાદી પર સહીસલામતથી બેસી શકે તે પહેલાં ઘણા ઢોંગીઓ અને વિરોધીઓ સામે લડવું પડયું હતું અને એટલા માટે એમ કહેવાય છે કે "તેનો રાજ્યકાલ એ ગાદીને માટે ખોટા હક્ક ધરાવનારાઓનો રાજ્યકાલ ગણાય છે."

૫. ૭મા હેન્રિએ ઇંગ્લંડમાં સ્વતંત્ર રાજ્ય સ્થાપવાને માટે લીધેલાં પગલાં:—

૭મો હેન્રિ દીર્ઘદ્રષ્ટિ વાળો અને હુશિઆર રાજદ્વારી પુરૂષ હતો અને એ તરીકે તેના મનમાં ત્રણ મુરાદ હતી જે પ્રાપ્ત કરવાને તેણે ધીમે ધીમે પ્રયાસ કર્યો. આ મુરાદો નીચે પ્રમાણે હતી:—

(૧) બધા હરીફોનું જડમૂળથી નિકંદન કરવું અને એ પ્રમાણે ઈંગ્લંડની ગાદી પોતાને માટે અને પોતાના કુટુંબને માટે નિષ્કંટક કરવી.

(૨) ઉમરાવોની સત્તા ઓછી કરીને રાજાની સત્તા વધારવી.

(૩) યુરોપની રાજકીય ખટપટમાં ઉત્સાહથી ભાગ લેવો.

આ ત્રણે મુરાદો પૈકી આપણે જોઈ ગયા કે પહેલી મુરાદમાં હેન્રિએ ફતેહમંદી મેળવી. ત્યારબાદ બીજી મુરાદ પ્રાપ્ત કરવાનું કામ તેણે શરૂ કર્યું.

રાજા તરીકેનું પોતાનું સ્થાન મજબૂત કર્યા પછી તેણે જોયું કે ઉમરાવો બહુજ બળવાન થઈ ગયા હતા, અને તેઓને કચરવાને માટે યુક્તિઓ શોધવાને પ્રયત્ન કર્યો.

તેણે ઉમરાવોનો નાશ કરવાને માટે નીચેનાં પગલાં લીધાં:—

(અ) **સ્ટાર ચેમ્બર કચેરી (તારાગૃહ અદાલત)**ની સ્થાપના:—

જોકે ગુલાબના યુદ્ધના દરમ્યાનમાં ઘણા ઉમરાવોના કુટુંબો તદ્દન પાયમાલ થઈ ગયાં હતાં તોપણ જે કંઈ થોડાં હજી હતાં તે ઘણાં બળવાન હતાં અને રાજાની સત્તા પર મોટો અંકુશ અજમાવવા પ્રયત્ન કરતાં હતાં. તેઓ એટલાં બધાં બળવાન હતાં કે સાધારણ ન્યાય કચેરીઓ તેઓને તેમના ગુન્હા માટે કામ ચલાવવા અને સજા કરવાને બીતી હતી. એટલા માટે ૭મા હેન્રિએ **સ્ટાર ચેમ્બર** નામની એક કચેરી સ્થાપી. આ કચેરીના ન્યાયાધીશો રાજાના પ્રધાનો હતા જેઓ તેઓને સજા કરવાને અને તેઓની વિરૂદ્ધ પુષ્ટિ અને પોષાકના કાયદા સખત રીતે અમલમાં મૂકવા તેઓનાથી બીતા ન હતા. જોકે પાછળથી તે ધિક્કાર પાત્ર સ્ટાર ચેમ્બર તરીકે ઓળખાવા લાગી તોપણ શરૂઆતમાં તેણે ૭મા હેન્રિને ઉમરાવોની સત્તા તોડી નાખવામાં ઘણી મદદ કરી. અને વળી તે પછીના વરસોમાં ધાર્મિક સુધારાની ચળવળના મુશ્કેલીના વખતમાં જે શાંતિ જળવાઈ રહી તે આ કચેરીને પરિણામે હતી.

તે કચેરીનું નામ સ્ટાર ચેમ્બર એટલા માટે પાડેલું હતું કારણ કે તેની છતમાં તારાઓનાં ચિત્રો હતાં.

(બ) પુષ્ટિ અને પોષાકના કાયદાઃ—

જાગીર પદ્ધતિ ઈંગ્લંડમાં થોડે ઘણે અંશે હજી હૈયાતીમાં હતી. અને ઉમરાવોમાંના વધારે બળવાન પોતાના અનુયાયીઓની ટુકડીઓ નીભાવતા હતા કે જે હુલ્લડને વખતે લશ્કર તરીકે કામ આવતી હતી. આ અનુયાયીઓને કંઈક જમીન અથવા રોકડ અગર વસ્તુના રૂપમાં તેઓની નોકરીની બદલ રોજી આપવામાં આવતી. આને **"પુષ્ટિનો કાયદો"** કહે છે. નોકરોને, જુદા જુદા ઉમરાવોના અનુયાયી તરીકે ઓળખાવવાને માટે જુદા જુદા પ્રકારના પટ્ટા આપવામાં આવતા. આને **"પોષાકનો કાયદો"** કહે છે.

૭મા હેન્રિએ જોયું કે ઉમરાવોની અંગત સ્થિતિ હલકી પાડવાને ઉપરનો રિવાજ બંધ કરવો એજ માત્ર રસ્તો હતો. અને તેટલા માટે તેના ભંગ કરનારાઓ સામે સખત પગલાં લીધાં. લોકોની ગણત્રીમાં આથી ઉમરાવોને હલકા પાડવામાં ઘણી અસર થઈ.

(ક) જાગીર વહેંચવાની પરવાનગીઃ—

ગુલાબના યુદ્ધને લઈ ઘણા ઉમરાવોના કુટુંબો કરજમાં ડુબી ગયાં હતાં. અને ૭મા હેન્રિએ તક જોઈને જાગીર મિલ્કત વેચી નાખવા રજા આપી. આ પ્રમાણે ૭મા હેન્રિએ ઉમરાવોની મહેરબાની મેળવી. કારણ તે તેઓને કરજમાંથી મુક્ત થવાને આશીર્વાદરૂપ થઈ પડ્યું. પરંતુ આથી તેણે આડકતરી રીતે ઈંગ્લંડના વર્ત્તમાન ઉમરાવો પર સખત ફટકો માર્યો. નવા ખરીદનારા ખેડુઓ અગર વેપારીઓ હતા. અને રાજા સામે પોતાનો અવાજ ઉઠાવવાને તેઓને માટે સંભવિત ન હતું. અને એવી રીતે રાજનીતિના યુક્તિરૂપી અપૂર્વ ફટકાથી પોતાની સર્વોપરિ સત્તા ફેલાવી.

૬. સ્વદેશ તથા પરદેશના રાજ્ય પ્રત્યેની તેની રાજનીતિઃ-

(અ) સ્વદેશ પ્રત્યેની તેની રાજનીતિઃ—

રાજા ૭મો હેન્રિ એક ઘણો હુશિઆર રાજદ્વારી પુરૂષ હતો. તેની સ્વદેશને માટે રાજનીતિ તદ્દન ફતેહમંદ હતી, જે રાજનીતિ તેણે ગ્રહણ કરી તેનાથી તેનું અને તેના પછીના રાજાઓનું રાજ્ય મજબૂત અને લોકપ્રિય કર્યું. લોકો ગુલાબના યુદ્ધથી કંટાળી ગયા હતા અને અવ્યવસ્થા અને અંધેરને લઇને તેઓની જીંદગી બીન સહીસલામત ધારતા હતા. તેથી તેઓને એક બળવાન રાજાની જરૂર હતી જેને માટે ૭મો હેન્રિ પૂરતો લાયક હતો.

તેણે (૧) બધા હરીફોનો નાશ કરી ઈંગ્લંડની ગાદી પોતાને માટે અને પોતાના કુટુંબને માટે મેળવી (૨) રાજાની સત્તા મજબૂત કરવાને ઉમરાવોની સત્તા નબળી પાડી અને (૩) યુરોપની રાજકીય ખટપટમાં સક્રિય ભાગ લઈને પોતાનું રાજા તરીકેનું સ્થાન અને રાજનીતિ સહીસલામત કર્યાં. તેણે આ ત્રણે મુરાદો ફતેહમંદીથી પાર પાડી અને એવી રીતે એક મજબૂત અને સ્વતંત્ર ટયૂડર વંશનું રાજ્ય સ્થાપવા માટે રસ્તો કર્યો.

(બ) પરદેશ પ્રત્યેની તેની રાજનીતિઃ—

૭મો હેન્રિ સ્વદેશની ફતેહમંદ રાજનીતિથી યુરોપખંડના દેશોની રાજ્ય ખટપટમાં સચોટ રીતે વચમાં પડવાને શક્તિમાન થયો. તેની અન્ય દેશો પ્રત્યેની રાજનીતિનો મુખ્ય હેતુ શાંતિ જાળવવાનો હતો. જો કે ફ્રાન્સ અને સ્પેન ઘણાં બળવાન થઈ ગયાં હતાં, તોપણ તેના બધા પ્રયાસો ફ્રાન્સની સત્તા ઓછી કરવા તરફ દોરવાયા હતા. ફર્ડીનાન્ડ અને ફિલિપ ફ્રાન્સની વિરૂદ્ધ હેન્રિ સાથે જોડાવાને ઘણા આતુર હતા. એ હેતુથી વેલ્સના કુંવર આર્થર અને એરેગૉનની કૅથેરાઈન વચ્ચે લગ્ન ગોઠવવામાં આવ્યું હતું. વળી જ્યારે કુંવર આર્થર ગુજરી ગયો ત્યારે એમ ગોઠવણ કરવામાં આવી હતી કે ૭મા હેન્રિના

એકના એક છોકરા ૮મા હેન્રિ સાથે કૅથેરાઇનનું લગ્ન કરવું જોઇએ, કે જેથી કરીને તે મિત્રાચારી જેવી હતી તેવીને તેવી રહે.

૧૫૦૨માં ૭મા હેન્રિએ એ સંપ દ્રઢ કરવાને પોતાની દીકરી માર્ગારેટને સ્કૉટલંડના રાજા ૪થા જેમ્સને પરણાવી. અને એ પ્રમાણે સ્કૉટલંડની ફ્રાન્સ સાથેની મિત્રાચારીનો અંત આણ્યો. એથી હેન્રિએ આખા યુરોપને ફ્રાન્સની વિરૂદ્ધ જોડવાનો પ્રયાસ કરીને તેની વધતી જતી સત્તા ઓછી કરી અને સત્તાની સમાનતા જાળવી રાખી.

૭. પોઇનિંગ્સનો કાયદો:—

જ્યારે આયર્લંડના લોકો કેટલાક બંડખોરોને મદદ કરતા માલુમ પડયા, ત્યારે તે વખતના આયર્લંડના ડેપ્યુટી **એડવર્ડ પોઇનિંગ્સની** સુચનાથી તેઓની વિરૂદ્ધ "**પોઇનિગ્સનો કાયદો**" અથવા "**ડ્રૉગેડાનો કાયદો**" પસાર કરવામાં આવ્યો. આ કાયદાથી એમ ઠરાવવામાં આવ્યું કે (૧) જે કાયદાઓ ઇંગ્લંડની પાર્લમેન્ટમાં પસાર થાય તે આયર્લંડની પાર્લમેન્ટને બંધનકારક રહે અને (૨) ઇંગ્લંડના રાજા અને મંત્રી મંડળની પરવાનગી વગર આયર્લંડની પાર્લમેન્ટ કોઈ પણ કાયદો પસાર કરી શકે નહિ. એ પ્રમાણે આયર્લંડની પાર્લમેન્ટની સ્થિતિ પરાધીન અને માત્ર નામની થઈ ગઈ, આ કાયદાએ આયર્લંડના લોકોના હક્ક અને સ્વતંત્રતા ઉપર મોટો ફટકો માર્યો.

આથી આખા આયર્લંડમાં અસંતોષ અને અશાંતિ ફેલાઈ રહી. બન્ને દેશ વચ્ચેનો સંબંધ તદ્દન તૂટી ગયો અને આયર્લંડ ઈંગ્લંડને મોટી ઉપાધિરૂપ થઇ પડયું. તે વખતથી જેમ જેમ તેઓનાં દુઃખ અને ફરીયાદો વધતાં ગયાં તેમ તેમ ઇગ્લંડથી છૂટા પડવા માટે આયર્લંડના લોકોએ ચળવળ ચાલુ રાખી.

૮. ૭મા હેન્રિએ પોતાની તીજોરી કેવી રીતે ભરી-બેની વોલેન્સ નામનો કર-મૉર્ટનનો કાંટો:—

૭મો હેન્રિ પૈસાનો બહુ લોભી હતો. અતિ લોભને પરિણામે તેણે લોકો પાસેથી પૈસા મેળવવાને જોરજુલમ શરૂ કર્યો. પાર્લમેન્ટના

કાયદા પ્રમાણે રાજા તેની પરવાનગી વગર કોઈ પર કર નાખી શકે નહિ. પણ ૭મા હેન્રિએ આ મુશ્કેલી દૂર કરી અને અન્ય ઉપાયોથી પૈસા ઉભા કર્યા. તેણે સ્ટાર ચેમ્બર કચેરીદ્વારા ઉમરાવોને દંડ રૂપે સજા કરી પૈસાની મોટી રકમ મેળવી. લડાઈમાં કપાઇ ગએલા ઉમરાવોની જાગીરો તેણે ખાલસા કરી. બેનીવોલેન્સ નામનો કર અથવા ફરજીઆત નજરાણાં તરીકે લોકો પાસેથી પૈસા પડાવ્યા અને ભેટ તરીકે મોટી રકમ આપવાને ફરજ પાડી.

અહિંઆ લોકો પાસેથી પૈસા ચુસવા માટે હેન્રિના ક્રૂર અને અતિશય લોભનો એક સારો દાખલો છે. વેપારીઓને તેઓની સહી સલામતી માટે સારી રીતે પૈસા આપવા ફરજ પાડતો. કૅન્ટર્બરિના ધર્માધ્યક્ષ અને વડા ન્યાયાધીશ મૉર્ટનની મદદથી તેણે લોકો પાસેથી પૈસા મેળવવા માટે એક વિચક્ષણ યુક્તિ શોધી કાઢી. જો કોઈ માણસ વધારે ખર્ચતો તો તેને કહેવામાં આવતું. "પોતાને માટે થોડું રાખી રાજાને વધારે આપવું જોઇએ; જો તે થોડું ખર્ચતો તો તેને કહેવામાં આવતું કે પોતાની બચતમાંથી તે આપી શકે છે." આ ધર્મસંકટને **"મૉર્ટનનો કાંટો"** કહે છે. વિશેષમાં પૈસા પડાવવાનાં આવાં જુલમી પગલાં અમલમાં મૂકવામાં રાજ્યની તીજોરી ભરવાને રિચર્ડ એમ્પસન અને એડમન્ડ ડડલી તેના મુખ્ય દલાલ હતા. હેન્રિ પોતાને માટે સારો ખજાનો મેળવીને પાર્લમેન્ટના અંકુશમાંથી છૂટો રહ્યો, અને પોતાનું રાજા તરીકેનું સ્થાન સહીસલામત અને આપખુદ કર્યું.

૯. નવી શોધોઃ—

૭મા હેન્રિનું રાજ્ય તેના વખતમાં જે કેટલીક શોધો થઈ તેને માટે પણ પ્રખ્યાત છે. આ સાહસોમાં તે ઘણો ઉત્સાહ લેતો. ૧૪૯૨ માં કોલમ્બસે નવી દુનિયાં શોધી કાઢી જે ત્યાર પછી અમેરીકાને નામે ઓળખાય છે. ૧૪૯૭માં વાસ્કો ડી ગામાએ કેપ ઑવ્ ગુડ હોપની આસપાસ મુસાફરી કરીને હિંદુસ્તાન જવાનો નવો દરીયાઈ રસ્તો શોધી કાઢયો. ૧૪૫૩ની કોન્સ્ટન્ટીનોપલની જીત પછી વેપારીઓ

પરના તુર્ક–લોકોના જુલમ અને ત્રાસનાં મુખ્યત્વે કરીને પરિણામ રૂપે આ શોધો થઈ. વેપારીઓને તેથી હિંદુસ્તાનનો નવો દરીયાઈ માર્ગ શોધી કાઢવાને ફરજ પડી. અને આ શોધ કરવાને અંગે કોલમ્બસ અને વાસ્કો ડી ગામાએ આ મુસાફરીઓ માથે વોરી. વેનીસના વતની સીબેશ્ચન કેબટે ન્યુ ફાઉન્ડલંડ શોધી કાઢયું અને ફ્લોરીડા સુધી દક્ષિણ તરફ મુસાફરી કરી.

આ શોધોની યુરોપના ઇતિહાસ પર ઘણી અસર થઈ. એથી વેપાર રોજગાર મોટા પાયા પર ખીલ્યો.

ટુંકામાં, છાપવાની કળા, ઉપરની શોધો અને જાગીરદાર ઉમરાવોની પાયમાલી વિગેરે ને લઈને ૭મા હેન્રિનું રાજ્ય એ પરિવર્તનનો યુગ–એટલે કે મધ્ય યુગમાંથી આધુનિક યુરોપનું રૂપાંતર–ગણાય છે.

૧૦. તેનું મૃત્યુ તથા તેની યોગ્યતાઃ—

તે દૂર અંદેશી રાજદ્વારી પુરૂષ અને હુશિઆર લડવૈયો હતો અને હંમેશાં રાજનીતિના અસાધારણ ઉસ્તાદ તરીકે વખણાતો. મહાન ઇતિહાસકાર લૉર્ડ બેકને તેને " એ સમયના રાજાઓના આદર્શ નમુના " તરીકે વર્ણવ્યો છે. તે ડાહ્યો અને સાવધ હતો; તેણે દેશની ઘણી સેવા કરી અને અંદર અંદરના વિગ્રહોની પાયમાલીમાંથી ઇંગ્લંડને બચાવ્યું. જો એનામાં કંઈ ખામી હતી તો એ હતી કે તે લોભી અને લુચ્ચો હતો અને હંમેશાં પોતાનો સ્વાર્થ સાધવાના હેતુથી કામ કરતો.

તે ૧૫૦૯માં પોતાના ટેમ્સ નદી પર આવેલા મહેલમાં ક્ષય રોગની બીમારીમાં મરી ગયો અને તેને વેસ્ટમિન્સ્ટર એબેની ભવ્ય કબરમાં દાટવામાં આવ્યો.

સવાલો.

૧ કયા હક્કથી ૭મો હેન્રિ ઇંગ્લંડની ગાદી પર આવ્યો?
(જુઓ વિભાગ ૩જો).

 ૧૪૩૫૫

૨ ૭મા હેન્રિનો રાજ્યકાલ એ “ ગાદીને માટે ખોટા હક્ક ધરાવનારાઓનો રાજ્યકાલ” કેવી રીતે ગણાય છે—તે સમજાવો. (જુઓ વિભાગ ૪થો).

૩ ૭મા હેન્રિએ ઇંગ્લંડમાં સ્વતંત્ર રાજ્ય સ્થાપવાને માટે ક્યાં ક્યાં પગલાં લીધાં તે લખો. (જુઓ વિભાગ ૫મો).

૪ નીચેના પર ટુંક નોંધ લખો:—

(૧) ૭મા હેન્રિની સ્વદેશ તથા પરદેશના રાજ્ય પ્રત્યેની રાજનીતિ.

(૨) પોઇનિંગ્સનો કાયદો.

(૩) પુષ્ટિ અને પોષાકનો કાયદો.

(૪) મૉર્ટનનો કાંટો.

(૫) એનીવોલેન્સીઝ.

પ્રકરણ ૨ જું
હેન્રિ ૮મો.

(૧૫૦૯ થી ૧૫૪૭=૩૮ વરસ).

રૂપરેખા:—

૧ તેનું રાજ્યારોહણ. ૨ તેનાં પહેલાં પગલાં. ૩. યુરોપની રાજકીય ખટપટ. ૪ ટૉમસ વુલ્સિ—તેનું ચારિત્ર અને રાજ્યદ્વારી જીવન. ૫ ફીલ્ડ ઑાવ્ ધ કલૉથ ઑાવ્ ગોલ્ડ (સુવર્ણમય મેદાન). ૬ ધાર્મિક સુધારાની ચળવળ. ૭. ક્રૉમવેલની ચડતી. ૮ ધ પિલ્ગ્રિમેઇજ ઑાવ્ ગ્રેઇસ. ૯ ૮મા હેન્રિએ કરેલાં બીજાં લગ્નો.

૧. તેનું રાજ્યારોહણ:—

૭મા હેન્રિના મરણ પછી તેનો દીકરો ૮મો હેન્રિ જે તે વખતે માત્ર ૧૮ વરસનો હતો તે ઈંગ્લંડની ગાદી પર આવ્યો. તેનું રાજ્યારોહણ લોકોએ ઘણા આનંદથી અને ઉત્સાહથી વધાવી લીધું કારણકે

તેઓ તેના બાપના રાજ્યના વખતમાં તેના લોભ અને જુલમને લઈ તદ્દન કચરાઈ ગયા હતા. ૭મા હેન્રિ અને યૉર્કની એલિઝાબેથના દીકરા તરીકે તેણે લૅંકેસ્ટર અને યૉર્કના બંન્ને કુટુંબો એકત્ર કર્યાં અને જે અગાઉની હરીફાઇએ ઇંગ્લંડની શાંતિને લાંબા વખતથી ખલેલ પહોંચાડી હતી તેનો અંત આવ્યો. ૮મો હેન્રિ પોતાના ભાઈની વિધવા એરેગૉનની કૅથેરાઇન સાથે પરણ્યો હતો અને ૧૫૦૯માં રાજા અને રાણીનો વેસ્ટ મિન્સ્ટરમાં રાજ્યાભિષેક કરવામાં આવ્યો.

૨. તેનાં પહેલાં પગલાં:—

તેના ગાદીપર આવ્યા પછી ૮મા હેન્રિએ પહેલું પગલું એ લીધું કે ગત રાજ્યમાં કેટલાક ગેરવ્યાજબી કાયદાથી જે લોકોને ખમવું પડ્યું હતું તેઓને તેઓની ફરીયાદોનું નિવારણ કરનારૂં જાહેરનામું બહાર પાડ્યું. પોતાના બાપના મુખ્ય જુલમ ગુજારનારા સલાહકારો એમ્પસન અને ડડલીને કેદ કરવાનો હુકમ કર્યો અને તેને ટાવરમાં રાખ્યા. ત્યારપછી તેઓના પર કેસ ચલાવવામાં આવ્યો: બન્ને રાજ્યદ્રોહના ગુન્હેગાર ઠર્યા અને તેઓને ફાંસીને લાકડે લટકાવી દેવામાં આવ્યા.

પછી પોતાના બાપ તરફથી મળેલા ખજાનાનો, એક ભવ્ય કચેરી સ્થાપી, છૂટથી ઉપયોગ કર્યો, જે કચેરી રમતગમતો, નાચ વિગેરેનું સ્થાન થઈ પડ્યું. એ પ્રમાણે લોભી બાપની પાછળ ઉડાઉ દીકરો થયો.

પહેલાં તેણે પોતાના બાપના જુના પ્રધાનો નૉરફૉકના ડ્યૂક અને ફૉકસની મદદથી રાજ્ય ચલાવ્યું. જોકે એમાંના પહેલાએ (નૉરફૉકના ડ્યૂકે) પોતાના રાજાના મોજશોખમાં ભાગ લીધા સિવાય બીજું કંઈ કર્યું નહિ. માત્ર ફૉક્સે રાજ્યનો વહીવટ કરવા માટે સખત મહેનત કરી.

૩. યુરોપની રાજકીય ખટપટ:—

આપણે બધા જાણીએ છીએ કે ઈંગ્લંડ અને ફ્રાન્સ વચ્ચે સત્તા માટે મોટી હરીફાઇ હંમેશથી ચાલી આવે છે. ૮મા હેન્રિએ પોતાની

પહેલાના રાજાની માફક ફ્રાન્સની વધતી જતી સત્તા કચરી નાખવાની મુખ્ય ઇચ્છાથી યુરોપની રાજકીય ખટપટમાં ઝંપલાવ્યું. કજીયાનું મુખ્ય સ્થાન ઇટલિ હતું. ફ્રાન્સના રાજાઓ લાંબા વખતથી ઇટલિ જીતવાને આતુર હતા. અને હવે ૧૨મો લુઇ તેની જીત મેળવવાને ઇચ્છતો હતો. ૨જા જુલીઅસે, પોપે અને સ્પેનના ફર્ડીનાન્ડે ૮મા હેન્રિને "હોલી લીગ" (પવિત્ર રાજૈક્ય)માં જોડાવાને લલચાવ્યો. પોતાના બાપની માફક કુદરતિ હરિફાઇ વાળી લાગણીને લઇને ૮મા હેન્રિએ એકદમ માગણી કબુલ રાખી. અને ફ્રાન્સની વિરૂદ્ધ સ્પેનમાં એક મોટું લશ્કર મોકલ્યું. પણ જ્યારે હેન્રિએ જોયું કે લશ્કરનો ફર્ડીનાન્ડથી નાવર વિરૂદ્ધ પોતાના અંગત સ્વાર્થમાં ઉપયોગ થયો ત્યારે કંઇ પણ કર્યા વગર તે લશ્કરને બોલાવી લેવામાં આવ્યું.

ત્યારપછી હેન્રિની સાથે એમ્પરર મેકિસમિલીઅન જોડાયો. પછી અંગ્રેજ લોકો અને ફ્રેન્ચ લોકો વચ્ચે ગીનીગેટ પાસે એક મોટી લડાઇ થઇ જેમાં ઇંગ્લંડની જીત થઇ. આ લડાઇ "બૅટલ ઑવ્ ધ સ્પર્સ"ને નામે ઓળખાય છે. કારણ કે ફ્રેન્ચ સીપાઇઓને લડાઇના મેદાનમાંથી નાસતી વખતે ઘોડાઓને દોડાવવામાં પોતાની એડીઓ વાપરવી પડી હતી.

એજ વરસે ૪થા જેમ્સ અને ઇંગ્લંડની માર્ગારેટ વચ્ચે લગ્ન થયા છતાં સ્કૉટલંડના લોકો ફ્રાન્સના જુના મિત્ર રાજ્ય તરીકે ઇંગ્લંડ પર હુમલો કરવાને ઉશ્કેરાયાં. ફ્લોડનનાં મેદાનમાં લડાઇ થઇ. આ લડાઇનું પરિણામ એ આવ્યું કે ટેકરીપર તેઓનું મજબુત સ્થાન હોવા છતાં સ્કૉટિશ લોકો તદ્દન હારી ગયા. અને સ્કૉટિશ ઉમરાવોમાંના ઘણા ચુનંદા યોદ્ધા, ૪થા જેમ્સ સહિત, લડાઇમાં માર્યા ગયા.

બન્ને દેશો વચ્ચેની લાંબી લડાઇમાં સ્કૉટલંડની આ મોટામાં મોટી હાર હતી. અને તે પછીનાં થોડાં વર્ષો સુધી, સ્કૉટલંડ ઇંગ્લંડ સામું ઉભું થઇ શક્યુંજ નહિ.

તે પછીની સાલમાં એટલે કે ૧૫૧૪માં સ્કૉટલંડ અને ફ્રાન્સ

બન્નેની સાથે સલાહ કરવામાં આવી. તે કરવાને માટે કારણો સ્પષ્ટ હતાં. એક બાજુ ૫મો જેમ્સ સગીર હતો એટલા માટે સ્કૉટલંડના લોકો ઇંગ્લંડ સાથે સલાહ કરવાને ખુશી હતા. બીજી બાજુ મેક્સિમિલીઅન અને ફર્ડીનાન્ડ મિત્રાચારીમાંથી વિખુટા પડયા. તેથી હેન્રિએ ફ્રાન્સ સાથે સલાહ કરી અને પોતાની દીકરી મેરિને ફ્રાન્સના રાજા ૧૨ મા લુઈ ને પરણાવી સંબંધ વધાર્યો.

૪. થૉમસ વુલ્સિઃ—

તેનું ચારિત્ર અને રાજદ્વારી જીવનઃ—

૮મા હેન્રિના રાજ્યનાં પહેલાં વીસ વર્ષ વુલ્સિના રાજ્ય વહીવટનાં હતાં. તે ૮મા હેન્રિનો પહેલો પ્રધાન હતો. સાધારણ સ્થિતિમાંથી તે તે વખતના એક મોટામા મોટા રાજદ્વારી પુરૂષ તરીકે ગણાવા લાગ્યો. એવું કહેવામાં આવતું કે ૮મો હેન્રિ નહિ પણ વુલ્સિ જ ઈંગ્લંડનું રાજ્ય ચલાવે છે. આખા યુરોપમાં તેનું ઘણું માન અને આબરૂ હતી અને પરદેશના રાજાઓ પણ તેની મિત્રાચારી માટે લોલુપતા રાખતા હતા.

તે ૧૪૭૧માં ઇપ્સવિચમાં જન્મ્યો હતો. તેનો બાપ એક પ્રમાણિક ગરીબ માણસ હતો. તેણે પોતાના દીકરાને સારામાં સારી કેળવણી આપી અને ઑાકસફર્ડની મેગ્ડેલન કૉલેજમાં મોકલ્યો. વુલ્સિએ ૧૪ વર્ષની ઉમ્મરે બી. એ. ની ઉપાધી (ડીગ્રી) મેળવી. અને તેથી તે "બૉય બેચેલર" (યુવાન સ્નાતક) કહેવાતો. તેણે પહેલાં તેજ કૉલેજમાં ફેલો અને 'ટયૂટર' (શિક્ષક) તરીકે કામ કર્યું. પછી ડૉરસેટના માર્કવસ કે જેના દીકરા તેજ કૉલેજમાં ભણતા હતા તેણે ૭મા હેન્રિને તેને માટે ભલામણ કરી, અને તેણે વુલ્સિ પર ઘણી કૃપા બતાવી. ૭મા હેન્રિએ તેને એક ખાનગી કાસદ તરીકે એમ્પરર મેક્સિમિલીઅન પાસે મોકલ્યો હતો કારણકે તેની દીકરીને પોતાની રાણી યૉર્કની એલિઝાબેથના મરણ પછી પરણવાની ૭મા હેન્રિની ધારણા હતી.

તે મહેનતુ અને રાજાની મરજી ઉઠાવવાને તત્પર હતો. તેની શક્તિ કંઈ અજબ હતી. તેથી જ્યારે ૮મો હેન્રિ ગાદી પર આવ્યો ત્યારે તેના પર વધારે મહેરબાની બતાવવામાં આવી અને ધીમે ધીમે ૧૫૧૫માં 'ચેન્સેલર' (મુખ્ય ન્યાયાધીશ)ની જગ્યા સુધી ચડાવવામાં આવ્યો. ત્યારપછી તેને 'કાર્ડિનલ' (ધર્મગુરૂ)—પોપનો પ્રતિનિધિ—બનાવવામાં આવ્યો. એવી રીતે વુલ્સિ ધાર્મિક તેમજ રાજકીય બાબતોમાં સર્વોપરિ થયો અને રાજાના મુખ્ય પ્રધાન તરીકે અને ધર્મ અને રાજ્ય બન્નેમાં મુખી તરીકે ગણાવા લાગ્યો.

વુલ્સિ હવે પોતાની સત્તાની ટોચે પહોંચ્યો હતો. અને એ તરીકે ત્રણ બાબતો પ્રાપ્ત કરવા તેની ઇચ્છા હતી:—

(૧) રાજાની સત્તા વધારવી.

(૨) ઇંગ્લંડના ધર્મમાં નવા સુધારા દાખલ કરવા અને મઠોનો નાશ કરીને તે દિશામાં સ્થિતિ સુધારવી.

(૩) જો બની શકે તો પોતે 'પોપ' થવું.

પરદેશી રાજ્ય સાથેની તેની યુક્તિઓમાં વુલ્સિએ સૌથી વધારે ચતુરાઇ બતાવી. તેણે પોતાની છાપ સ્વદેશમાં તેમજ બહારના દેશોમાં એવી પાડી કે એ વખતનાં યુરોપનાં આગેવાન રાજ્યો ઇંગ્લંડને મિત્ર તરીકે રાખવાને આતુર હતાં. અને તેની મિત્રાચારી કરવાને ગમે તે ભોગે તૈયાર હતાં.

૧લા ફ્રાન્સિસ અને સ્પેનના ચાર્લ્સ વચ્ચે સત્તા માટે મોટી ચડસા ચડસી હતી. બન્ને પોતાને બાદશાહ તરીકે ચુંટાવાને સખત મહેનત કરતા હતા- વળી તેઓ એમ માનતા હતા કે થૉમસ વુલ્સિની મહેરબાની મેળવીને એ હેતુ પાર પાડી શકાશે. આવી રીતે ઇંગ્લંડમાં તેમજ આખા યુરોપમાં વુલ્સિનું સ્થાન અનુપમ હતું, તે વખતનો હેન્રિનો રાજ્યકાલ કેવળ આપ અખત્યારીનો હતો. અને ૧૫૧૫ થી ૧૫૨૩ સુધી એક પણ પાર્લમેન્ટ બોલાવવામાં આવી હતી નહિ.

જ્યારે પૈસાની જરૂર પડતી ત્યારે ફરજીઆત લોનથી અને "બેનીવોલેન્સ" નામના કરથી પૈસા એકઠા કરવામાં આવતા હતા.

વુલ્સિ જોકે પર રાજકીય ખટપટમાં ગુંથાયો રહેતો હતો તોપણ તે સ્વદેશમાં ઘણા સુધારા કરવાને વખત મેળવતો. પોપની પરવાનગીથી ઘણા નાના મઠોનો તેણે નાશ કર્યો. અને આવી રીતે મેળવેલા પૈસા ઇપ્સવિચમાં એક નવી શાળા અને ઑાક્સફર્ડમાં એક કૉલેજ સ્થાપવામાં વાપર્યાં.

દરમ્યાનમાં એવા સંજોગો ઉભા થયા જેથી તેની પડતી આવી. હેન્રિ પોતાની રાણીથી કંટાળી ગયો હતો. હેન્રિ અને કૅથેરાઈનને ઘણાં છોકરાં હતાં પરંતુ એક દીકરી નામે મેરિ સિવાય બધાં મરી ગયાં હતાં. વળી કૅથેરાઈન પોતાના કરતાં ઉમ્મરમાં મોટી હતી અને તેની સાથે ઘણાં વર્ષો સુધી રહ્યા પછી તેનાથી તે કંટાળ્યો હતો. આ વખતે એન બોલીન નામની એક દાસીના પ્રેમમાં તે પડ્યો હતો. એન બોલીન પરણવાને માટે કૅથેરાઈનથી છૂટા છેડા મેળવવાને તેને ઇચ્છા હતી. આ સવાલ તેણે વુલ્સિને સોંપ્યો કે જે પોપ પાસેથી છૂટા છેડાની પરવાનગી મેળવવામાં નિષ્ફળ ગયો. અને તેટલા માટે વુલ્સિને તેની જગો પરથી બરતરફ કરવામાં આવ્યો અને તેની બધી માલ મિલ્કત પડાવી લેવામાં આવી. રાજદ્રોહનો તેના પર આરોપ મૂકવામાં આવ્યો અને એ પ્રમાણે અપકીર્તિથી તે મરણ પામ્યો.

મૃત્યુ વખતના તેના છેલ્લા શબ્દો એ હતા કે "જેટલી વફાદારીથી અને જેટલા ખંતથી મેં મારા ધણીની સેવા કરી તેટલીજ વફાદારી અને તેટલાજ ખંતથી જો મેં પરમેશ્વરની સેવા કરી હોત તો ઘડપણમાં મને આ પ્રમાણે તેણે તજ્યો ન હોત."

૫. "ધ ફીલ્ડ ઑાવ્ ધ ક્લૉથ ઑાવ્ ગોલ્ડ" (સુવર્ણમય મેદાન).

૧૫૧૫માં મૅક્સિમિલીઅનના મરણ પછી ઈંગ્લંડ વુલ્સિના બાહોશ કારભારના વખતમાં યુરોપની નવા પ્રકારની રાજ્ય ખટપટમાં દાખલ થાય છે. ત્રણ વરસ પહેલાં સ્પેનનો રાજા ફર્ડીનાન્ડ મરી ગયો

હતો અને તેના પછી તેનો પૌત્ર ચાર્લ્સ ગાદી પર આવ્યો હતો. આ જુવાન રાજા તે વખતે સ્પેન અને નેધરલેન્ડઝનો માલીક હોવાથી જર્મનીના બાદશાહ તરીકે ચુંટાવાનો—ખાસ કરીને વંશપરંપરાના હક્કને આધારે—ઘણો સંભવ હતો.

આ વાત ફ્રાન્સના ૧લા ફ્રાન્સિસને પસંદ પડી નહિ. તે હક્ક સામે વાંધો ઉઠાવવાનું તેણે નક્કી કર્યું અને આ શ્રેષ્ટ ઇચ્છવા યોગ્ય પદવી માટે ચુંટાવાને પ્રયાસ કર્યો.

૮મો હેન્રિ પણ એ પદવી માટે એક ઉમેદવાર હતો. પરંતુ તે પદવી તેને મળવા માટે સંભવ ઘણો ઓછો હતો. જ્યારે વુલ્સિએ જોયું કે પોતાના ધણીની ચુંટણીમાં જીત થવી અશકય છે ત્યારે જર્મનીની સત્તાની સમાનતા જાળવી રાખવાના હેતુથી ચાર્લ્સની તરફેણમાં પોતાનો મત આપ્યો.

એ પ્રમાણે ચાર્લ્સ અને ફ્રાન્સિસ વચ્ચે ચુંટણીને માટે ખરેખર ચડસા ચડસી હતી અને યુરોપના શ્રેષ્ટ સ્થાનને માટે આ બન્ને હરીફ હક્ક ધરાવનારાઓને ઈંગ્લંડની મિત્રાચારી ઘણી અગત્યની હતી. હજી છેવટ કંઈ નક્કી થયું ન હતું અને તેટલા માટે બન્નેએ હેન્રિને અંગત મુલાકાતની માગણી કરી. આ બેમાંથી ફ્રાન્સિસ, હેન્રિ અને વુલ્સિની મદદથી એ જગ્યા પોતાને માટે મેળવવાને ઘણો આતુર હતો. જે જગ્યાએ એ સભા મળી હતી તે "ધ ફીલ્ડ ઑવ્ ધ ક્લૉથ ઑવ્ ગોલ્ડ" (સુવર્ણમય મેદાન) તરીકે ઓળખાય છે. ભપકો અને લખલુટ ખર્ચને લઈને તે જગ્યાને એ નામ આપવામાં આવ્યું હતું.

હેન્રિ અને વુલ્સિએ ફ્રાન્સિસને એવા અંતઃકરણ પુર્વક આવકાર આપ્યો કે પોતે તેઓની મિત્રાચારી મેળવી છે એવું તેને માનવાનું કારણ હતું. પણ એ મુલાકાત પછી તરતજ કૅન્ટર્બરિમાં ચાર્લ્સને એક ખાનગી મુલાકાત આપવામાં આવી અને ઇંગ્લંડ અને સ્પેન વચ્ચે મિત્રાચારીનાં બીજ રોપીને ચાર્લ્સ કેલે તરફ ગયો. તે દિવસથી ઈંગ્લંડ અને ફ્રાન્સ વચ્ચેનો સંબંધ ફરીથી તુટયો.

૬. ધાર્મિક સુધારાની ચળવળઃ—

સોળમા સૈકાની શરૂઆત સુધી યુરોપના બધા ખ્રિસ્તી દેશોનો સ્થાપિત ધર્મ રોમન કેથૉલિક ધર્મ હતો. પોપને શ્રેષ્ટ ધર્મઅધ્યક્ષ તરીકે ગણવામાં આવતો હતો અને તે એટલો બધો સર્વોપરિ થઈ પડયો કે કેટલાક દેશોના રાજાઓની વિરૂદ્ધ અપીલો પણ પંચ તરીકે ફેંસલા માટે તેની પાસે આવતી. આ બીન હરીફાઈવાળા અધિકારનું મુખ્ય કારણ એ હતું કે તેનામાં પવિત્રતા અને ઇશ્વરી સત્તાનું આરોપણ કરવામાં આવતું હતું. યુરોપના બધા લોકો પવિત્ર બાઇબલની દેવળમાં બાંધેલી એકજ નકલ રહેતી હોવાથી પોપના મુખ્ય ધર્મોપદેશકો તથા ધર્મગુરૂઓના બોધને અંધશ્રદ્ધાથી માન આપતા હતા. તેના બદલામાં પોપ, મુખ્ય ધર્મોપદેશકો અને ધર્મગુરૂઓ ધર્મમાં અચળિત આસ્થાને લઈને ઉત્તમ ચારિત્રવાળા હતા.

પરંતુ એવો વખત આવ્યો કે રોમન કેથૉલિક પંથ પોતાની સત્તા ગુમાવવા લાગ્યો, જેનાં કારણો નીચે પ્રમાણે હતાંઃ—

(૧) ધર્મગુરૂઓ કે જે ધર્મની બાબતમાં લોકોના માર્ગોપદેશક હતા તે વિષયી અને દુરાચરણી થઈ ગયા હતા.

(૨) છાપવાની કળાની શોધ થવાથી બાઇબલની ઘણી નકલો છપાણી અને એ પ્રમાણે લોકોના હાથમાં સ્હેલાઈથી આવી. કેળવણીના બહોળા પ્રચારને લઈને બધા લોકો બાઇબલ વાંચી શક્યા અને ધર્મગુરૂની ભુલો અને ખોટા સિદ્ધાન્તો સમજી શક્યા.

(૩) પોપ પોતાની સત્તાનો દુર ઉપયોગ કરતો હતો. રોમન પંથમાં ધર્મ માટે જે કંઈ ધાર્મિક ભેટો આવતી હતી તે પોતાના મિત્રોના લાભને માટે વાપરતો અને ખાલી પડેલી ધાર્મિક જગ્યાએ તેઓને નીમતો.

(૪) આ ઉપરાંત તે પછી પોપે મોટું ગેરવ્યાજબી કામ એ કર્યું કે તેણે માફી પત્રો વેચ્યાં. રોમમાં નવું 'કૅથેડ્રલ' દેવળ બાંધ-

વાના બહાનાથી માફીપત્રો—આજ્ઞાપત્રો—કાઢયાં. અને તેને ખરીદવા ઇચ્છનારાઓને જાહેર કર્યું કે તેઓ જેટલા પૈસા આપશે તે પ્રમાણમાં તેઓનાં પાપ માફ થશે. જ્યારે પોપના કાસદો જર્મની ગયા ત્યારે માર્ટિન લ્યૂથર નામનો સાધુ પોતાનો ગુસ્સો વધારે વખત દબાવી શક્યો નહિ. તેણે કહ્યું કે "માફીપત્રોનું વેચાણ તદ્દન ગેરવ્યાજબી છે, અને પવિત્ર બાઇબલમાં એવું કંઈ લખેલ નથી." પોપની સામા થવાને માટે તેને સહન કરવું પડયું. પણ જ્યારે પોપે જોયું કે પોતાના સિદ્ધાન્તો ગુમાવવા કરતાં કોઇપણ શિક્ષા ભોગવવાને તે તૈયાર હતો ત્યારે તેને જવા દીધો. પછી લ્યૂથરે પોપનાં કેટલાંક પોકળ અને ધર્મમાં પેસી ગયેલ દુરાચરણો ખુલ્લી રીતે બહાર પાડયાં.

કૅથૉલિક ધર્મમાંના આવા દુરાચારથી, તેમાં વધી ગયેલ સમૃદ્ધિ અને ખોટા ભપકાથી અને ધર્મગુરૂઓમાં પેસી ગયેલ સડાથી લોકો કંટાળી ગયા હતા. તેઓને વધારે પવિત્ર અને સાદા ધર્મની જરૂર હતી. અને તેઓ ધર્મગુરૂઓને સુધારવા ઇચ્છતા હતા. જર્મન સાધુ માર્ટિન લ્યૂથરે લોકોને બોધ આપ્યો કે પૈસા આપવાથી કોઇપણ પાપ માફ થઈ શકે નહિ. જો એમ હોય તો, સૌ કોઈ પાપ કરે; અને માફી પત્રો વેચાતાં લઇ પોતાનાં પાપ માફ કરાવી શકે. યુરોપના કેટલાક આગેવાન રાજાઓએ તેને ટેકો આપ્યો અને પોપના અને ધર્મગુરૂઓના કૃત્યો વિરૂદ્ધ મોટો વાંધો ઉઠાવવામાં આવ્યો. આને **ધાર્મિક સુધારાની ચળવળ** કહે છે. જેઓએ જૂના ધર્મ સામે વાંધો ઉઠાવ્યો તેઓ "પ્રોટેસ્ટંટસ"ના નામથી ઓળખાવા લાગ્યા અને નવા ધર્મને "પ્રોટેસ્ટંટીઝમ" નામ આપવામાં આવ્યું.

તેની ઇંગ્લંડ પર અસરઃ—

૮મો હેન્રિ કે જે તે વખતે ઈંગ્લંડમાં રાજ્ય કરતો હતો તેણે આ ચળવળની સામે સખત લખાણ લખ્યું. પોપ તેનાથી એટલો બધો ખુશી થયો કે તેને "ધર્મના રક્ષક"નો ખિતાબ આપ્યો. હેન્રિ

ચુસ્ત કૅથૉલિક હતો. પરંતુ તે પછી એવા સંજોગો ઉભા થયા કે જેમાં તેણે પોતાનો ધર્મ બદલાવ્યો અને પ્રૉટેસ્ટંટ ધર્મ સ્વીકાર્યો.

૮મો હેન્રિ પોતાના ભાઇની વિધવા સાથે પરણ્યો હતો. અને ઘણાં વર્ષ તેણીની સાથે રહ્યા પછી, તે તેણીથી કંટાળ્યો હતો. તેણી પોતાના કરતાં ઉમ્મરમાં મોટી હતી અને તેને એકે દીકરો ન હતો. તેટલા માટે છૂટા છેડા કરવાને તેણે ઇચ્છયું. વુલ્સિની મારફત તેણે પોપને અરજ કરી. આથી પોપ મોટાં ધર્મસંકટમાં આવી પડયો. છૂટા છેડા કરવાની રજા આપવામાં સ્પેનના રાજાને નાખુશ કરવાનું અને તેને દુશ્મન કરવાનું જોખમ હતું; જ્યારે તેની મંજુરી ન આપવામાં ઇંગ્લંડના રાજાની ઇતરાજી વહોરવાની હતી. આ કારણથી તે શાંત રહ્યો. પરંતુ છેવટે તેને પોતાના પ્રતિનિધિ કૅમ્પેજીઓને મોકલવાની ફરજ પડી. અને તેણે વુલ્સિની સાથે રહીને મુકદ્દમો ચલાવ્યો.

૮મા હેન્રિએ જ્યારે જાણ્યું કે ચુકાદો તેના વિરૂદ્ધમાં આપવામાં આવ્યો છે, ત્યારે સ્વાભાવિક રીતે તે ગુસ્સે થયો, વુલ્સિને બરતરફ કર્યો અને પોપના પર વેર લેવાને ગુસ્સાથી બળી જવા લાગ્યો. તેણે તેટલા માટે પોતાનો ધર્મ બદલી નાખ્યો અને ઇંગ્લંડમાં નવો રાજ્યધર્મ સ્થાપ્યો. આ પ્રમાણે ઇંગ્લંડમાં ધાર્મિક સુધારાની ચળવળ, ધાર્મિક પ્રકારના કરતાં, રાજદ્વારી પ્રકારના રૂપમાં શરૂ થઇ.

આ બાબતમાં ૮મા હેન્રિએ નીચે પ્રમાણે પગલાં લીધાં:—

(૧) ઇંગ્લંડમાં પોપની સર્વોપરિ સત્તા રદ કરી. અને "સર્વોપરિપણાના કાયદા" (Act of Supremacy)થી ધર્મ અને રાજ્યના અધિપતિ તરીકે પોતાને જાહેર કર્યો અને એવી રીતે પ્રૉટેસ્ટંટ ધર્મ રાજ્યના સ્થાપિત ધર્મ તરીકે દાખલ કર્યો.

(૨) ધાર્મિક ઉપજનો દશમો અને પહેલો ભાગ જે પોપને બધા દેવળો તરફથી વાર્ષિક ફાળા તરીકે આપવામાં આવતો હતો તે તેણે બંધ કર્યો.

(૩) તેણે મઠોનો નાશ કર્યો. એ કાર્યને જોકે આ ચળવળની સાથે સીધો સંબંધ ન હતો તોપણ તેથી હેન્રિની પૈસા સંબંધી સ્થિતિ મજબૂત થઈ અને પોપની સત્તાનો કાયમને માટે અંત આવ્યો.

(૪) રોમન કેથૉલિક ધર્મના અધ્યક્ષ તરીકે પોપને અપીલો મોકલવાની મના કરી.

(૫) બાઈબલનો અંગ્રેજીમાં તરજુમો કરવાને હુકમ કર્યો. અને પહેલીવાર ટીન્ડેલને હાથે એ કાર્ય પાર પડયું.

આ પ્રમાણે ૮મા હેન્રિએ સીધી રીતે જોકે પોતાનો ધર્મ પ્રોટેસ્ટંટ ન કહ્યો તોપણ રોમન કેથૉલિક પંથ સાથેનો પોતાનો સંબંધ તોડી નાખીને પ્રોટેસ્ટંટ ધર્મને મદદ કરી.

આ દિશામાં વધારે પ્રગતિ માટે આપણે હવે પછીના રાજ્યોના સમયમાં જાણશું.

૭. ક્રૉમવેલની ચડતી:—

વુલ્સિની પડતી પછી રાજ્યમાં મુખ્ય સલાહકાર ક્રૉમવેલ થયો. જોકે બિશપ ફિશર અને ચાન્સેલર સર થોમસ મૂર પર શરૂઆતમાં મહેરબાની બતાવવામાં આવી તોપણ જ્યારે તેઓએ "સર્વોપરિપણાનો કાયદો" ના કબુલ કર્યો ત્યારે તેઓને મોતની સજા કરવામાં આવી. વિશ્વવિદ્યાલયોને પૂછીને એરેગૉનની કેથેરાઇનથી છૂટા છેડા મેળવવાને ૮મા હેન્રિને સલાહ આપનાર ક્રૉમવેલ હતો. એમાં તે ફતેહમંદ થયો અને ઈંગ્લંડના રાજધર્મ પર કૂલ સત્તાથી ૧૫૩૬માં "વિકાર જનરલ" (કેન્ટર્બરિના આર્ચ બિશપનો પ્રતિનિધિ) તરીકે નીમાયો. મઠોની સ્થિતિમાં તેની સૂચનાથી તપાસ કરવામાં આવી. જ્યારે સાધુઓ સંસારી અને દુરાચરણી માલુમ પડયા, ત્યારે નાના મઠોનો નાશ કરવાને એક કાયદો પસાર કરવામાં આવ્યો.

થોડા વખત પછી તેની પડતીને માટે સંજોગો ઉભા થયા. ધર્મની બાબતમાં ઘણા ફેરફારોથી અને મઠોના નાશથી લોકોમાં ઘણો અસંતોષ

ફેલાયો હતો. જર્મનીના પ્રોટેસ્ટંટ રાજાઓને એકત્ર કરવાના હેતુથી તેણે સેક્સનીના ઇલેક્ટરની સગી એન ઑવ્ ક્લીવ્ઝ સાથે પરણવાને ૮મા હેન્રિને સલાહ આપી. પરંતુ જેવી ખૂબસુરત ક્રૉમવેલે તેને વર્ણવી હતી તેવી તે જોવામાં આવી નહિ. તેથી હેન્રિ તેના પર ઘણો ગુસ્સે થયો અને એ રીતે ક્રૉમવેલની પડતી થઈ. રાજદ્રોહનો તેના પર આરોપ મૂકવામાં આવ્યો અને છેવટે ૧૫૪૦માં તેને ફાંસીની સજા કરવામાં આવી.

૮. ધ પિલ્ગ્રિમેજ ઑવ્ ગ્રેઇસઃ—

મઠોના નાશથી અને ક્રૉમવેલના જુલમી રાજ્યકારભારથી ઈંગ્લંડમાં ઉત્તર તરફના પ્રગણાઓમાં ઘણો અસંતોષ ફેલાઈ રહ્યો. ટ્રેન્ટની ઉત્તરે લૉર્ડ ડાર્સેની સરદારી નીચે ૪૦,૦૦૦ માણસોએ બળવો કર્યો. તેઓનો હેતુ કૅથૅાલિક ધર્મની પુનઃસ્થાપના કરવાનો હતો. ધર્મના અર્થે એ બળવો થયો તેથી તે "પિલ્ગ્રિમેજ ઑવ ગ્રેઇસિ"ના નામથી ઓળખાય છે. તે બળવો દાબી દેવામાં આવ્યો અને આગેવાનોને મોતની સજા કરવામાં આવી. ઘણા માણસો કે જેણે આ બળવામાં ભાગ લીધો હતો તેને મોતની સજા મળી.

૯. ૮મા હેન્રિએ કરેલાં બીજાં લગ્નોઃ—

થોડા વખત પછી, ૮મો હેન્રિ એન બોલીનથી કંટાળ્યો. તેણીનાથી મુક્ત થવાને તેણે કહ્યું કે તેણી પવિત્ર અને વફાદાર સ્ત્રી નથી. તેટલા માટે તેણીને મારી નાખવાને હેન્રિએ હુકમ કર્યો. તેણીના મારી નાખ્યા પછી, હેન્રિ જેન સીમોર સાથે પરણ્યો. તેણી લાંબો વખત જીવી નહિ. અઢાર મહીના પછી તે એડવર્ડ નામે એક છોકરો પાછળ મૂકીને મરી ગઈ. હેન્રિની ચોથી રાણી એક પ્રોટેસ્ટંટ રાજાની દીકરી એન ઑવ્ ક્લીવ્ઝ નામે હતી. ધાર્મિક સુધારાની ચળવળને મજબૂત કરવાના હેતુથી ક્રૉમવેલે આ લગ્નની દરખાસ્ત કરી હતી.

જ્યારે તેણીના મોઢાનું ચિત્ર હેન્રિને બતાવવામાં આવ્યું ત્યારે તેનો ચહેરો તેને ગમ્યો હતો. પરંતુ જ્યારે તેણીને પોતે નજરે જોઈ ત્યારે તેણીના ચહેરાથી હેન્રિ નાખુશ થયો. અને તેણીની સાથે છૂટા

છેડા કરવાને તૈયાર થઈ ગયો. પછી તેણીને રહેવાને એક ઘર અને સારૂં પેન્શન આપ્યું. રાજા આ કામને માટે ક્રૉમવેલથી નાખુશ થયો અને તેને કદી માફી આપી નહિ.

ક્રૉમવેલના મરી ગયા પછી, હેન્રિ કૅથેરાઈન હાવર્ડ સાથે પરણ્યો. કૅથેરાઇન હાવર્ડ રોમન કેથૉલિક હતી અને હેન્રિએ એ વખતે પ્રોટેસ્ટંટોના વિરૂદ્ધ એક કાયદો પસાર કર્યો. આશરે દોઢ વરસ સુધી બન્નેને એક બીજા સાથે સારૂં બન્યું. પણ તે પછી તેના પર વ્યભિચારનો આરોપ મૂકી તેને મારી નાખવાનો હુકમ કર્યો.

હેન્રિની છઠ્ઠી અને છેલ્લી રાણી કૅથેરાઈન પાર હતી. એક વખતે જ્યારે ધર્મના સિદ્ધાન્તો પર ચર્ચા કરતાં પોતાના પતિ સાથે મતભેદ થયો ત્યારે તેણીની જીંદગી જોખમમાં આવી પડી. અને તેણીને ટાવરમાં મોકલી દેવાની તૈયારી હતી. પરંતુ પોતે સ્ત્રી જાતિની મૂર્ખાઈ નમ્રતાથી બતાવીને અને તેણે જે કંઈ શીખવ્યું હતું તેને માટે ઉપકાર માનીને તેણીએ પોતાની જીંદગી બચાવી. ત્યારપછી તેણીને પાછળ મૂકી હેન્રિ મરી ગયો.

સવાલો.

૧ વુલ્સિના ચારિત્ર અને રાજદ્વારી જીવન માટે અહેવાલ આપો.
(જુઓ વિભાગ ૪થો).

૨ યુરોપમાં ધાર્મિક સુધારાની ચળવળ શરૂ થવાનાં કયાં કારણો હતાં ? એ ચળવળમાં ૮મા હેન્રિએ શું ભાગ લીધો હતો તે લખો. (જુઓ વિભાગ ૬ઠો).

૩ નીચેનાને માટે ટુંક નોંધ લખો:—

૧. ૮મા હેન્રિની પરરાજકીય નીતિ.

૨ ધ ફીલ્ડ ઑવ્ ધ કૅાથ ઑવ્ ગોલ્ડ.

૩. ક્રૉમવેલનું જીવન ચરિત્ર.

૪. ધ પિલ્ગ્રિમેજ ઑવ્ ગ્રેઇસ.

પ્રકરણ ૩ જું.

૬ ઠ્ઠો એડવર્ડ.

(૧૫૪૭ થી ૧૫૫૩ સુધી = ૬ વરસ).

રૂપરેખા:—

૧ સમરસેટનો રાજ્યકારભાર. ૨ ધાર્મિક સુધારાની પ્રગતિ. ૩ સમરસેટની પડતી. ૪ નૉર્ધમ્બર્લૅન્ડનો રાજ્યકારભાર.

૧. સમરસેટનો રાજ્યકારભાર:

૮ મો હેન્રિ, એરેગૅાનની કૅથેરાઈનની દીકરી મેરિ, એન બોલીનની દીકરી એલિઝાબેથ અને જેન સીમોરનો દીકરો એડવર્ડ એમ ત્રણ છોકરાં મૂકી મરી ગયો. મેરિ એ કૅથૉલિક લોકોની આશારૂપ હતી અને બીજાં બે પ્રૉટેસ્ટંટ લોકોનાં આશારૂપ હતાં.

૬ ઠ્ઠો એડવર્ડ માત્ર નવ વર્ષનો હોવાથી આઠમા હેન્રિએ મૃત્યુપત્રનો વહીવટ કરનાર મંડળ (Council of Executors) નીમ્યું હતું કે જેણે એડવર્ડના નામથી વહીવટ કરવાનો હતો. હેન્રિએ એવી યોજના કરી હતી કે એ મંડળમાં અર્ધા કૅથૉલિક લોકો અને અર્ધા પ્રૉટેસ્ટંટ લોકો હતા કે જેથી એકે પક્ષ વધારે બળવાન થઇ પડે નહિ. રાજાનો મામો સમરસેટનો અર્લ આ મંડળનો મુખી હતો. આ યોજના તે પછી તૂટી પડી. પ્રૉટેસ્ટંટ લોકોએ મંડળમાં બહુમતિ કરવાને ખટપટ કરી અને હર્ટફર્ડનો અર્લ જે પછીથી સમરસેટના ડ્યૂક તરીકે કહેવાવા લાગ્યો તે રાજ્યનો રક્ષક નીમાયો. ધર્મમાં જે બધા ફેરફાર દાખલ કરવામાં આવ્યા હતા તે તેનાથીજ થયેલા હતા. અને તે એટલો બધો જોરદાર થઈ પડયો કે તેણે બધી સત્તા પોતાના હાથમાં રાખી. તે ચુસ્ત પ્રૉટેસ્ટંટ હતો અને એ તરીકે ધાર્મિક ચળવળની પ્રગતિ માટે તેણે ઘણો પ્રયાસ કર્યો. પણ તેનો રાજ્યવહીવટ એ દિશામાં થોડા વખતને માટે વિજયી નીવડયો કારણકે એલિઝા-

એથના સમયમાં ધાર્મિક સુધારાનો છેવટનો મક્કમ નિર્ણય થયા પહેલાં મેરિના વખતમાં તેનો પ્રત્યાઘાત થયો.

૨. ધાર્મિક સુધારાની પ્રગતિઃ—

૮ મા હેન્રિના રાજ્યમાં ધાર્મિક સુધારાની ચળવળ વિશેષ કરીને રાજકીય પ્રકારની હતી. તે ચળવળની ધાર્મિક દિશા તરફ ખરેખરી પ્રગતિ ૬ટ્ઠા એડવર્ડના વખતમાં થઇ. ૬ ટ્ઠો એડવર્ડ અને તેનો મામો સમરસેટનો ડ્યૂક બન્ને ચુસ્ત પ્રોટેસ્ટંટ હતા અને તેઓએ ઈંગ્લંડના રાજ્યધર્મમાં ધાર્મિક સૂત્રો અને પૂજામાં કેટલાક ફેરફાર દાખલ કર્યા. તે નીચે પ્રમાણે હતાઃ—

(૧) પાદરીઓ અને ધર્મગુરૂઓને પરણવાની છૂટ આપવામાં આવી.

(૨) બળી કુંડો (altars) અને મૂર્ત્તિઓ દૂર કરવામાં આવી.

(૩) માસ નામના (masses) પ્રકારની કેથૉલિક ધર્મની ભક્તિની મના કરવામાં આવી.

(૪) દેવળમાં કરવામાં આવતી ઉપાસનામાં અંગ્રેજી ભાષાનો ઉપયોગ દાખલ કરવામાં આવ્યો.

(૫) "ભક્તિની સમાનતા" (Act of Uniformity)ના કાયદાથી ક્રેન્મરની સાર્વજનિક પ્રાર્થના પોથી (Common Prayer Book) નામની ચોપડી બધા દેવળોમાં દાખલ કરવામાં આવી.

(૬) પ્રાર્થના પદ્ધતિ સુધારવામાં આવી અને તેનું અંગ્રેજીમાં ભાષાંતર કરવામાં આવ્યું.

(૭) કેથૉલિક ધર્મનો ૭ કલમનો કાયદો (Statute of Six Articles) રદ કરવામાં આવ્યો.

(૮) ઇંગ્લિશ પ્રોટેસ્ટંટ ધર્મના સૂત્રો તરીકે ૪૨ કલમો તૈયાર કરવામાં આવી.

(૯) ઇંગ્લિશ બાઇબલના ઉપયોગની છૂટ આપવામાં આવી અને તેની ઘણી આવૃત્તિઓ બહાર પાડવામાં આવી.

આ સુધારાઓની સામે થવાને માટે ગાર્ડનર અને બોનરને કેદ કરવામાં આવ્યા પરંતુ પછી તરતજ છોડી મૂકવામાં આવ્યા. રોમન કેથૅાલિક વિરૂદ્ધ સખત કાયદાઓ પસાર કરવામાં આવ્યા આ પ્રમાણે ઉપર વર્ણવી ગયા તે મુજબ પ્રોટેસ્ટંટ ધર્મ રાજ્યધર્મ તરીકે સારા પાયા પર મૂકવામાં આવ્યો.

૩ સમરસેટની પડતી:—

સમરસેટ બીનશક એક નામાંકિત અને મોટો રાજદ્વારી પુરૂષ હતો. અને તે ઘણો ઉમદા અને ઉદાર વિચારનો હતો. પરંતુ તેનામાં વિચક્ષણતાની ખામી હતી અને તેથી તે ઘણો શક્તિમાન હોવા છતાં તેની રાજ્ય કારકીર્દિ નિષ્ફળ ગઈ. ધર્મ બાબતમાં ૮મા હેન્રિની રાજનીતિ તેણે ગ્રહણ કરી નહિ. જડમૂળથીજ જે નવા ફેરફારો તેણે દાખલ કર્યા તે ૮મા હેન્રિએ ગ્રહણ કરેલી અને ધારેલી નીતિથી વિરૂદ્ધ હતા. તેટલા માટે ૮મા હેન્રિએ પોતાના દીકરા માટે રાજ્ય-કારભાર મંડળ (Council of Regency) નીમતી વખતે જુના અને નવા ધર્મ વચ્ચે સમાનતા જાળવવાને ઘણી સાવચેતી લીધી હતી.

સમરસેટના જોહુકમી પગલાંએ તેને લોકોમાં ઘણો અપ્રિય કર્યો. અને પરિણામે તેની પડતી આવી. ૬ઠ્ઠા એડવર્ડ માટે સ્કૅાટ-લંડની કુંવરી મેળવવામાં તેના દુરાગ્રહથી ઇંગ્લંડ અને સ્કૅાટલંડ વચ્ચે વીખવાદ વધ્યો. તેના કેટલાક ધાર્મિક સુધારાથી રોમન કેથૅા-લિક લોકોમાં તે ધિક્કારને પાત્ર થયો. તેના હરીફ વૅારિકે તેની સત્તા· છીનવી લેવાને ઘણાં કાવતરાં કર્યાં. વળી ઉનને માટે ઘણી માગણી હોવાથી ખેતીની રોજીની બહુ ઓછી માગણી હતી. ૮મા હેન્રિએ કાઢેલ ચલણી નાણાની કિમ્મતમાં ઘટાડો થવાથી ચીજોના ભાવ ચડી ગયા. આ પ્રમાણે સમરસેટના રાજ્ય વહીવટથી લોકો કંટાળી ગયા હતા અને આખા ઇંગ્લંડમાં અશાંતિ ફેલાઈ રહી હતી.

આ સંજોગોમાં સમરસેટના ડ્યૂકને રાજીનામું આપવું પડયું અને વૉરિકનો અર્લ–નૉર્ધમ્બર્લૅન્ડના ડ્યૂકના ખિતાબથી રાજ્યનો રક્ષક થયો, તેની ચુંટણી પછી તરતજ સમરસેટ વિરૂદ્ધ ઘણાં ત્હોમતો લાવવામાં આવ્યાં. દુઃખી થઇ ગયેલા એક વખતના રક્ષક પર કેસ ચલાવવામાં આવ્યો અને છેવટે તે મૃત્યુની સજાને પાત્ર થયો.

૪ નૉર્ધમ્બર્લૅન્ડના ડ્યૂકનો રાજ્યકારભાર:—

નૉર્ધમ્બર્લૅન્ડના ડ્યૂકના રાજ્યકારભારના વખતમાં ખાસ અગત્યનો બનાવ બન્યો નથી. ૬ઠ્ઠા એડવર્ડની તબીયત નબળી પડી જતી હોવાથી નૉર્ધમ્બર્લૅન્ડે ઇંગ્લંડની ગાદી પોતાના કુટુંબ માટે મેળવવાને યુક્તિ શરૂ કરી. તેણે ૬ઠ્ઠા એડવર્ડને એમ સમજાવ્યું કે મેરિ અને એલિઝાબેથ એ ૮મા હેન્રિનાં અનૌરસ છોકરાં છે અને એ તરીકે ‘પાર્લમેન્ટના ઍકટ’ની રૂએ ઈંગ્લંડની ગાદીમાંથી બાતલ કરવામાં આવ્યાં છે. તેના પછી સ્કૅાટ લોકોની રાણી મેરિ ગાદીને માટે વારસદાર છે. પણ તેણી ઈંગ્લંડથી અજાણી હોવાથી અને ફ્રાન્સના ડૉફીન સાથે પરણેલ હોવાથી ગાદી માટે હક્કદાર નથી. એથી ઇંગ્લંડની ગાદી મેરિ ડ્યૂડરની દીકરી ડૉરસેટની ‘માર્શિઓનેસ’ (Marchioness) ને મળે કે જે એક વખત ફ્રાન્સની રાણી અને તે પછી સફોકની ડચેસ હતી. લેડી જેન ગ્રે ડચેસની પૌત્રી હોવાથી તેના પછી ઇંગ્લંડની ગાદી માટે હક્કદાર છે. તેના પછી તેણીને ગાદી પર બેસાડવાને માટે નૉર્ધમ્બર્લૅન્ડના ડ્યૂકે એડવર્ડને સમજાવવાને માટે પ્રયાસ કર્યો. કારણ કે ત્યાર પહેલાં તેણીને પોતાના ચોથા દીકરા ગિલ્ડ ફોર્ડ ડડલીની સાથે પરણાવી હતી.

રાજા તેની દરખાસ્ત સ્વીકારવાને લલચાયો કારણ કે જે પ્રોટેસ્ટંટ ધર્મનો હોય તેને ગાદી આપવાનો તેનો મુખ્ય હેતુ હતો. નૉર્ધમ્બર્લૅન્ડના ડ્યૂકે વસીયતનામામાં એડવર્ડની સહી મેળવીને પોતાની ઇચ્છા થોડે ઘણે અંશે પાર પાડી. અને જ્યારે એડવર્ડ મરી ગયો ત્યારે પોતાના હુકમથી લેડી જેન ગ્રેને ઇંગ્લંડની રાણી તરીકે રીત-

સર જાહેર કરવામાં આવી. પરંતુ પ્રજા તેને સ્વીકારવાને ખુશી ન હતી. ઇંગ્લંડના લોકો એરેગૉનની કૅથેરાઇનની દીકરી મેરિના તરફેણમાં હતા, અને બળવો કરીને તેણીને ટેકો આપ્યો. જોકે નૉર્થમ્બર્લૅન્ડના ડ્યૂકે પોતાના દીકરાને લેડી જેન ગ્રેની મદદે મોકલ્યો ખરો પરંતુ તે વ્યર્થ હતું. એ ઝઘડામાં નૉર્થમ્બર્લૅન્ડનો ડ્યૂક, ગિલ્ડફોર્ડ ડડલી અને જેન ગ્રે પકડાયાં અને મેરિને તે પછી ઇંગ્લંડની પહેલી રાણી તરીકે જાહેર કરવામાં આવી.

સવાલોઃ—

૧ ધાર્મિક સુધારાની ચળવળની છઠ્ઠા એડવર્ડના વખતમાં શી પ્રગતિ થઈ તે લખો. (જુઓ વિભાગ ૨જો).

૨ નીચેનાં માટે સમજુતી સહિત નોંધ આપોઃ—

(૧) સમરસેટનો ડ્યૂક.

(૨) નૉર્થમ્બર્લૅન્ડનો ડ્યૂક.

પ્રકરણ ૪ થું.

મેરિ.

(૧૫૫૩થી ૧૫૫૮ = ૫ વરસ).

રૂપરેખાઃ—

૧ મેરિના વખતમાં ધાર્મિક સુધારાની ચળવળનો થયેલો પ્રત્યાઘાત. ૨. ધાર્મિક ફેરફારો. ૩. સ્પેન સાથેનો મેરિનો સંબંધ.

૧ મેરિના વખતમાં ધાર્મિક સુધારાની ચળવળનો થયેલો પ્રત્યાઘાતઃ—

આપણે અગાઉ જોઈ ગયા કે નવ દિવસની રાણી લેડી જેન ગ્રેને મારી નાખ્યા પછી મેરિને પોતાની સ્થિતિ ઈંગ્લંડની રાણી

તરીકે સહીસલામત લાગી. એરેગૅાનની કૅથેરાઇનની દીકરી તરીકે તેણીને નવા ધર્મ માટે ઘણો તિરસ્કાર અને વિરોધ હતો. તેણીના મનનું વલણ જૂના ધર્મ તરફ મજબૂત હતું. અને એટલા માટે ઇંગ્લંડમાં જૂનો ધર્મ ફરીથી સ્થાપવા તેણી બનતી કોશીશ કરવા લાગી. પોતાના બાપ અને ભાઇએ ધાર્મિક સુધારા માટે જે કંઈ કર્યું હતું તે તેણીએ તોડી પાડયું. તેણીના રાજ્યનો કાળ તેટલા માટે "મેરિના વખતનો ધાર્મિક સુધારાની ચળવળનો થયેલો પ્રત્યાઘાત" ગણાય છે.

૨ ધાર્મિક ફેરફારોઃ—

ગયા રાજ્યના સમયમાં ગાર્ડિનર અને બોનર કે જેને ટાવરમાં પૂરી મૂકવામાં આવ્યા હતા તેને છૂટા કરીને તેઓને પોતાની જૂની જગ્યાએ નીમવામાં આવ્યા. અને પછી તેણીએ પોતાનું કામ શરૂ કર્યું.

તેણીએ ઇંગ્લંડમાં રોમન કૅથૅાલિક ધર્મ ફરીથી સ્થાપવાને નીચે પ્રમાણે પગલાં લીધાંઃ—

(૧) ૬ઠ્ઠા એડવર્ડની "સાર્વજનિક પ્રાર્થના પોથી" (Common Prayer Book) વાંચવા માટે મના કરી અને બધા દેવળોમાં "માસ" નામની પ્રાર્થના લૅટિન ભાષામાં દાખલ કરવામાં આવી.

(૨) રોમના દેવળને મોકલાતો ધાર્મિક ઉપજનો પહેલો ભાગ જે ૮મા હેન્રિના વખતથી મોકલાતો બંધ થયો હતો તે શરૂ કરવામાં આવ્યો અને પોપની સત્તા સર્વોપરિ તરીકે ઇંગ્લંડમાં સ્વીકારવામાં આવી. રોમન કૅથૅાલિક પંથ સાથે પાછો સંબંધ જોડાયો.

(૩) તેણીએ પોતે ઇંગ્લંડના રાજ્યધર્મની સર્વોપરિ સત્તા તરીકે ગણાવાને ના પાડી. કારણ કે તેણી એમ માનતી હતી કે એ પદવી મૂળ પોપની છે.

આ પ્રમાણે નવા ધર્મના સૂત્રો અને ધાર્મિક સુધારાઓ રદ કરવામાં આવ્યા. અને રોમન કૅથૅાલિક ધર્મ ઇંગ્લંડમાં રીતસર ફરીથી સ્થાપવામાં આવ્યો.

૩ સ્પેન સાથેનો મેરિનો સંબંધઃ—

રોમન કેથૉલિક ધર્મ ફરીથી સ્થાપવાની યોજનાઓ આગળ ચલાવવાને મેરિએ સ્પેનના રાજા ફિલિપ સાથે લગ્ન કરવાની માગણી સ્વીકારી. ફિલિપ ચુસ્ત રોમન કેથૉલિક હતો. અને તેથી તેણે મેરિની મુરાદો પાર પાડવાને ઘણી મદદ કરી. પરંતુ લોક સમુદાયને આ લગ્ન પસંદ પડ્યાં નહિ કારણ કે તેને પરિણામે ઇંગ્લંડમાં ઘણો જુલમ થયો અને પ્રજાને ભય હતો કે આ લગ્નથી ઇંગ્લંડ અને સ્પેનની ગાદીનું ઐક્ય થશે તો ઇંગ્લંડની સ્થિતિ પરાધીન થઈ જશે.

થોડા વખત પછી તેઓની એક બીજા પ્રત્યેની લાગણી દુઃખાણી. આગળ કરતાં ફિલિપની મેરિના પ્રત્યેની મમતા અને લાગણી ઓછી થઈ ગઇ હતી. બન્ને વચ્ચે અણબનાવ થઈ ગયો હતો. અને એ અણબનાવની અસર કાઢી નાખવાને ફિલિપ જાતે ઈંગ્લંડ આવીને રહ્યો હતો. તેણે ફ્રાન્સની વિરૂદ્ધ યોજનાઓમાં માણસ અને પૈસા બન્નેની મદદ આપવાને મેરિને વિનંતિ કરીને સમાધાન થયેલા સંબંધનો લાભ લીધો હતો. મેરિએ તેની વિનંતિ કબૂલ રાખી હતી અને તેનું છેવટનું પરિણામ એ થયું કે ઇંગ્લંડે કેલે ગુમાવ્યું.

મેરિને કેલે ગુમાવવાથી બહુ લાગી આવ્યું. અને એવું કહેવાય છે તે વાત તેણીના મનમાં એવી ખટકયા કરતી હતી કે તેણી તે અફસોસ અને ગ્લાનિને લઈને મરણ પામી.

સવાલોઃ—

૧ મેરિનો સ્પેનના રાજા સાથેનો સંબંધ દર્શાવો.
(જુઓ વિભાગ ૩જો).

૨ મેરિના વખતમાં ધાર્મિક ચળવળના થયેલા પ્રત્યાઘાત વિષે જે જાણતા હો તે લખો. (જુઓ વિભાગ ૧લો અને ૨જો).

પ્રકરણ ૫મું
એલિઝાબેથ.
(૧૫૫૮થી ૧૬૦૩=૪૫ વરસ)
ધાર્મિક સુધારાની પ્રગતિ.

રૂપરેખાઃ—

૧. એલિઝાબેથનું રાજ્યારોહણ ૨. પ્રોટેસ્ટંટ ધર્મની ફરી સ્થાપના (અ) એલિઝાબેથની મુશ્કેલીઓ. (બ) એલિઝાબેથની ધાર્મિક નીતિ (ક) "ધ કોર્ટ ઑવ્ હાઈ કમિશન ૩ એલિઝાબેથની પરદેશો પ્રત્યેની રાજનીતિ. ૪ "સ્પેનિશ આરમેડા" (સ્પેનિશ અરમાર). ૫ એલિઝાબેથના વલ્લભો. ૬. એલિઝાબેથનો પાર્લમેન્ટ સાથેનો સંબંધ. ૭ એલિઝાબેથના રાજ્ય સમયના મહત્ત્વના બનાવો.

૧ એલિઝાબેથનું રાજ્યારોહણઃ—

મેરિના મરણ પછી, એન બોલીનની દીકરી એલિઝાબેથ હેન્રિની ઇચ્છા પ્રમાણે ઈંગ્લંડની ગાદી પર આવી. મેરિના વખતમાં ધાર્મિક જુલમને લીધે લોકોમાં ત્રાસ વર્તી રહ્યો હતો. તેથી લોકોએ એલિઝાબેથને આનંદથી વધાવી. માયાળુ અને પ્રેમાળ સ્વભાવથી તેણીએ પોતાની પ્રજાનાં હૃદય એકદમ જીતી લીધાં, અને તેણીના જીવનના સિદ્ધાન્તો એટલા બધા ચુસ્ત અને આસ્તિક હતા કે તેણીને કુંવારી રાણીનું નામ આપવામાં આવ્યું.

તેણીએ ઘણીવાર કહ્યું હતું કે "કોઇપણ રાજ્યની રાણી થઇને મરવું તેના કરતાં ઈંગ્લંડની રાજ્યમાતા તરીકે મરવું એ વધારે સારૂં છે." તેના ચારિત્રના આ સદ્‌ગુણોથી લોકોમાં તે વહાલી થઇ પડી.

૨. પ્રોટેસ્ટંટ ધર્મની ફરી સ્થાપનાઃ—

મેરિ જેવી ચુસ્ત રોમન કેથૉલિક હતી તેવી એલિઝાબેથ ચુસ્ત પ્રોટેસ્ટંટ હતી અને તેથી તેણીએ ગાદીપર આવ્યા પછી ઈંગ્લંડમાં પ્રોટેસ્ટંટ ધર્મ ફરી સ્થાપવાને પ્રયાસ કર્યો.

(અ) એલિઝાબેથની મુશ્કેલીઓઃ—

જ્યારે તેણી ગાદીપર આવી ત્યારે તેને ઘણી મુશ્કેલીઓમાંથી પસાર થવાનું હતું. સ્કૉટ લોકોની રાણી મેરિ ઇંગ્લંડની ગાદી માટે હરીફ હતી. એલિઝાબેથ એ ૮મા હેન્રિની એન બોલીનથી અનૌરસ દીકરી છે એ દલીલ સબબ મેરિએ ઇંગ્લંડની ગાદીનો દાવો કર્યો. તેટલા માટે એલિઝાબેથને પદભ્રષ્ટ કરવાને તેણીએ ઘણાં કાવતરાં કર્યાં. પરંતુ આ કાવતરાં એકદમ બહાર પડી ગયાં. તેણીને પકડવામાં આવી અને છેવટે ફાંસી દેવાનો હુકમ કરવામાં આવ્યો. તે ઉપરાંત, ઇંગ્લંડમાં પક્ષ પડી ગયા હતા. પ્યુરિટન નામનો એક પક્ષ હતો જેણે વફાદારીના સોગન ખાવાને ના પાડી અને ખાતરીથી કહ્યું કે નવો ધર્મ બાહ્ય ભપકા અને આચારથી ભરપુર છે અને તેઓને હજી વધારે સાદો અને વધારે નિર્મળ ધર્મ જોઇએ છીએ.

આ મુશ્કેલીઓમાં પ્રોટેસ્ટંટ ધર્મ ફરીથી સ્થાપવાને માટે તેણીને મધ્યમ નીતિ ગ્રહણ કરવી પડી હતી.

(બ) એલિઝાબેથની ધર્મનીતિઃ—

પોપની સત્તાને તાબે થવાને એલિઝાબેથને ઇચ્છા ન હતી. તેણીએ અને તેણીના સલાહકારોએ ધર્મના સૂત્રોને જુદા પાયાપર મૂકવાને ઇચ્છયું. તેની વ્યાખ્યા એવી થવી જોઈએ કે તેમાં થોડાનેજ ઉલટો અર્થ માલુમ પડે અને આ યુક્તિ પ્રમાણે ધર્મની ઉપાસનાના પ્રકાર એવા રાખવામાં આવ્યા કે કોઇ પણ ખ્રિસ્તી વાંધા વગર તેમાં ભાગ લઈ શકે. આ પ્રમાણે તેણીએ મધ્યમ નીતિ ગ્રહણ કરવાને ધાર્યું કે જેથી પોતે બહાર પાડેલ સૂત્રોને પાળવાને સર્વને ફરજ પાડી શકે. આને માટે તેણીએ "સર્વોપરિણામનો કાયદો" અને "ભક્તિની સમનતાનો કાયદો" એમ બે કાયદા પસાર કર્યા.

(૧) "સર્વોપરિપણાના કાયદા"થી પોતે ધર્મ અને રાજ્યના અધિપતિ તરીકે જાહેર થઇ અને રાજ્ય પ્રત્યે વફાદારીના સોગન

ખાવાને અને પોતે નક્કી કરેલ ધર્મનાં સૂત્રો માનવાને બધાને ફરજ પાડી. જેઓએ એ વફાદારીના સોગન લેવાને અને તેણીએ નક્કી કરેલ સૂત્રોને માનવાને ના પાડી તેઓ "નૉન કૉન્ફોર્મિસ્ટસ"–"પ્યૂરિટન્સ" (શુદ્ધિમાર્ગીઓ) કહેવાયા–તેઓ એ નામથી ઓળખાવા લાગ્યા કારણકે ઇંગ્લંડમાં સ્થાપિત થયેલ નવા ધર્મને તેઓએ માન્યો નહિ. અને હજી પણ તેઓને એથી વધારે નિર્મળ અને સાદો ધર્મ જોઈતો હતો.

"ભક્તિની સમાનતાના કાયદા"થી ઇંગ્લંડમાંના બધા દેવળોમાં ધર્મના એક સરખા સિદ્ધાન્ત દાખલ કરવામાં આવ્યા.

(૨) ધાર્મિક બાબતોમાં પોપની સત્તા ઇંગ્લંડમાં રદ કરવામાં આવી. અને એ પ્રમાણે ૮મા હેન્રિએ અને ૬ ઠ્ઠા એડવર્ડે નક્કી કર્યા મુજબ રાજાની રાજ્ય અને ધર્મ પરની સર્વોપરિ સત્તા સ્થાપિત થઇ.

(૩) ધાર્મિક ઉપજનો પહેલો અને દશમો ભાગ રોમ મોકલાતો બંધ થયો અને રાજાને આપવામા આવ્યો.

(૪) પોતાની બેન મેરિએ પસાર કરેલ બધા કાયદાઓ રદ કર્યા.

(૫) ફરીથી અંગ્રેજી ભાષામાં પ્રાર્થના કરવાનો અને બાઇબલનો માતૃભાષામાં છૂટથી ઉપયોગ કરવાનો રિવાજ દાખલ કર્યો.

(૬) એલિઝાબેથે 'હાઈ કમિશન' નામની એક કચેરી સ્થાપી અને એ કચેરીને પોતાની ધર્મ સંબંધી સત્તા સોંપી દીધી.

(૭) ૬ઠ્ઠા એડવર્ડના વખતમાં ક્રેન્મરે ઇંગ્લંડના ધર્મનાં નક્કી કરેલ સૂત્રોની ૪૨ કલમને બદલે ૩૯ કલમ રાખવામાં આવી.

(૮) ૬ઠ્ઠા એડવર્ડના વખતમાં તૈયાર કરેલ બીજી "સાર્વજનિક પ્રાર્થના પોથી"નું પુનઃ સ્થાપન થયું. અને "ભક્તિની સમાનતાના કાયદા" પ્રમાણે સર્વ દેવળોમાં તે વાપરવાનો હુકમ થયો. તે ન વાપરનારાઓ માટે સખત સજા રાખવામાં આવી.

આ પ્રમાણે પ્રોટેસ્ટંટ ધર્મ સારા પાયાપર મૂકવાને માટે ઘણા સુધારા દાખલ કરવામાં આવ્યા અને બને ત્યાં સુધી તેને પણ નિર્મળ અને સાદો કરવામાં આવ્યો.

(ક) ધ કોર્ટ ઑવ્ હાઈ કમિશનઃ—

" સર્વોપરિણામનો કાયદો " અને ભકિતની સમાનતાનો કાયદો " એ બન્ને અમલમાં મૂકવાને માટે એલિઝાબેથે 'હાઇ કમિશન' નામની કચેરી સ્થાપી. આ કચેરીએ શુદ્ધિમાર્ગીઓ વિરૂદ્ધ કાયદાઓ સખત રીતે અમલમાં મૂક્યા અને તેને નહિ માનવાને માટે સખત સજા રાખી.

જો કે તેને પરિણામે ધાર્મિક જુલમ વધ્યો તોપણ પ્યૂરિટન ધર્મની પ્રગતિ થવા લાગી. અને થોડા વખતમાં તે ધર્મ દેશમાં અને પાર્લમેન્ટમાં એક જુદી સત્તા તરીકે ગણાવા લાગ્યો.

૩ એલિઝાબેથની પરદેશ પ્રત્યેની રાજનીતિઃ—

પરદેશ પ્રત્યેની રાજનીતિમાં એલિઝાબેથ ઘણી ફતેહમંદ થઈ. કોઈએ ધાર્યું ન હતું કે ઇંગ્લંડ એકલું ઉભી શકશે. એમ ધારવામાં આવતું હતું કે ઇંગ્લંડને ફ્રાન્સ અગર સ્પેન પર આધાર રાખવો પડશે. કારણકે સ્કૉટ લોકોની રાણી મેરિના હક્કને ફ્રાન્સનો ટેકો હતો અન બીજી બાજુએ સ્પેનના ફિલિપ તરફથી એલિઝાબેથને લગ્નની દરખાસ્ત કરવામાં આવી હતી. જો આ માગણી સ્વીકારમાં આવે તો ઇંગ્લંડ અને સ્પેનની ગાદી જોડાઇ ગયા સિવાય બીજું પરિણામ આવેજ નહિ.

એલિઝાબેથ અને તેણીના વલ્લભોએ જોયું કે જ્યાં સુધી ફ્રાન્સ સ્કૉટ લોકોની રાણી મેરિના ઇંગ્લંડની ગાદીના હક્કને ટેકો આપે છે ત્યાં સુધી સ્પેન ઇગ્લંડ વિરૂદ્ધ ફ્રાન્સ સાથે કદી જોડાશે નહિ. આ સ્થિતિને પહોંચી વળવાને તેણી પૂરતી તૈયાર હતી. " સ્કૉટલંડના ધર્મ સમાજના ઉમરાવો " (Lords of the Congregation) સાથે એડિનબરોના કરારથી તેણીએ એવું વચન મેળવ્યું કે મેરિ ઇંગ્લં-

ડની ગાદી પર કદી હક્ક ધરાવી શકે નહિ, અને સ્કૉટલંડમાંથી ફ્રેન્ચ લશ્કર પાછું મોકલવાને માટે ગોઠવણ કરવી.

સ્કૉટલંડ સાથે મિત્રાચારી અને ફ્રાન્સ સાથે સલાહથી તેણી ઇંગ્લંડના વિરૂદ્ધ ફ્રાન્સ અને સ્પેન વચ્ચે મિત્રાચારી અટકાવવા શક્તિમાન થઇ અને જ્યાં સુધી ઇંગ્લંડ પોતાની સ્થિતિ ટકાવી શકયું ત્યાં સુધી તેને વિગ્રહમાંથી તેણીએ મુક્ત રાખ્યું.

લગ્નની માગણી સ્વીકારવામાં યુક્તિથી વિલંબ કરવામાં એલિઝાએથે સ્પેનના રાજા ફિલિપને ઇંગ્લંડ સાથે સારો સંબંધ રાખવાને લલચાવ્યો.

વળી એલિઝાબેથે જોયું કે પોતાનાં એક પરદેશી સાથેનાં લગ્નથી ઇંગ્લંડની પ્રજા નાખુશ થશે અને પોતાને પર રાજકીય ખટપટમાં સામેલ થવું પડશે; અને અંગ્રેજ વ્યક્તિ સાથેના પોતાનાં લગ્નથી સ્વદેશમાં ઇર્ષા ઉત્પન્ન થશે. વળી તેણીને માલુમ પડયું કે જો પોતે કેથૉલિક સાથે પરણશે તો પ્રોટેસ્ટંટ લોકોને ફરી ધાર્મિક જુલમનો ભય રહેશે; અને જો પોતે એક પ્રોટેસ્ટંટ સાથે પરણશે તો સ્કૉટ લોકોની રાણી મેરિના સહાયકારીઓની સંખ્યા વધશે, તેટલા માટે તેણીએ કુંવારા રહેવાનું નક્કી કર્યું.

તેથી એલિઝાલેથની રાજનીતિ ફ્રાન્સ અને સ્પેન સાથે સારો સંબંધ રાખવાની અને કોઇની સાથે લગ્નમાં પોતે ન જોડાવું-એ હતી.

૪. "ધ સ્પૅનિશ આરમેડા" (સ્પૅનિશ અરમાર).

સ્પેનનો રાજા રજો ફિલિપ યુરોપમાં જૂના ધર્મનો હીમાયતી હતો. તેનો મુખ્ય હેતુ પ્રોટેસ્ટંટ ધર્મ નાશ કરવાનો હતો. જ્યારે એલિઝાબેથે તેને પરણવાને ના પાડીને તેનું અપમાન કર્યું ત્યારે તેણે ઇંગ્લંડ જીતવાનો નિશ્ચય કર્યો. તેણે "અજય અરમાર"ના નામથી ઓળખાતા એક મોટા દરીયાઇ કાફલાને તૈયાર કર્યો જેમાં ૧૩૦ મોટાં વહાણ હતાં. તે વખતે ઇંગ્લંડના નૌકામાં માત્ર ૩૬ વહાણ હતાં અને તે વળી બહુ નાનાં હતાં.

આ પ્રજાકીય આફત વખતે, ધાર્મિક વીખવાદ એકદમ ભુલાઈ ગયો. સ્વદેશનું રક્ષણ કરવાને રોમન કૅથૉલિક લોકો પ્રોટેસ્ટંટ લોકો સાથે અંતઃકરણપૂર્વક જોડાયા. અમીરો, વેપારીઓ અને અન્ય શહેરીઓ રાણી પાસે પોતાના પૈસા લઈને આવ્યા અને પોતાને ખર્ચે વહાણો તૈયાર કર્યાં. જોકે ઈંગ્લંડનાં વહાણ નાનાં હતાં તોપણ ચુનંદા વહાણવટીઓ અને બહાદુર લડવૈયા નૌકા સૈન્યમાં હતા. સ્પૅનિશ અરમારની હાર થઈ; અને નાસતી વખતે એક સખત તોફાન ઉત્તર કિનારા તરફથી આવ્યું કે જેણે તે કાફલાનો નાશ કર્યો.

સ્પૅનિશ અરમારની હારથી આખા યુરોપમાં નૌકામાં ઇંગ્લંડની શ્રેષ્ટતા સ્થપાઈ.

૫. એલિઝાબેથના વલ્લભો:—

એલિઝાબેથે રાજ્યનો વહીવટ પોતાના વલ્લભોની બાહોશ દેખરેખ નીચે ચલાવ્યો. પોતાના રાજ્યનાં પહેલાં ૪૦ વર્ષ દરમ્યાન શાણા અને શાંત પ્રકૃતિવાળા રાજદ્વારી પુરૂષ લૉર્ડ બર્લેની સલાહથી એલિઝાબેથે વહીવટ કર્યો. પોતાની ચતુર રાજનીતિથી લૉર્ડ બર્લેએ રાજ્યની ઉપજમાં વધારો કર્યો હતો. તેના મરી ગયા પછી ડૉર્સેટનો અર્લ અને લીસેસ્ટરનો અર્લ એમ એક પછી એક તેણીના સલાહકારો થયા અને એલિઝાબેથનું વલણ લીસેસ્ટરના અર્લ પ્રત્યે એટલું બધું થયું હતું કે તેણીએ તેની સાથે પરણવાને પણ ઇચ્છા બતાવી હતી.

એલિઝાબેથના ઘડપણમાં ઈસેકસનો અર્લ તેણીનો છેલ્લો માનીતો સલાહકાર હતો. રાણી અમુક કારણને લઇને તેનાથી નાખુશ થઇ તેથી તેને ફજેત કર્યો અને કેદ કર્યો. એલિઝાબેથની તેના પ્રત્યેની લાગણીની લીધે તે છૂટી ગયો. પરંતુ ત્યારપછી તરતજ બીજા એક કૃત્યને લઈ તેના પર ફરીથી એલિઝાબેથની ઈતરાજી થઈ અને તેને દેહાંત શિક્ષા કરી.

૬. એલિઝાબેથનો પાર્લમેન્ટ સાથેનો સંબંધ:—

બધા ટ્યૂડર રાજાઓની માફક એલિઝાબેથે પાર્લમેન્ટથી સ્વતંત્ર રહી રાજ્ય ચલાવ્યું અને ભાગ્યેજ તેને બોલાવાતી. પોતાની કરકસરની ટેવને લઇને અને બાહોશ સલાહકારોની સહાયતાથી પોતે પાર્લમેન્ટથી સ્વતંત્ર રીતે રાજ્ય ચલાવવા શક્તિમાન થઈ હતી. તેણી પાર્લમેન્ટ તરફ સખતાઇથી વર્તતી અને કેટલીક વાર જ્યારે તેના સભાસદો સામા થતા ત્યારે તેણી તેઓને કેદ નશીન કરતી. તેના બદલામાં જ્યારે પાર્લમેન્ટને તક મળતી ત્યારે પોતાના હક્કનું સ્થાપન કરવા તે પણ ઘણી સાવધ રહેતી અને એવી રીતે હવે પછીના રાજ્યો માટે પ્રજાકીય સ્વતંત્રતા અને હક્કનો પાયો રચાયો.

પાર્લમેન્ટ મક્કમ રીતે સામી થયાનો એક જાણવાજોગ દાખલો છે. તે "મોનોપોલી" (એક માણસેજ—કંપનિએજ વેપારનો મેળવેલો હક્ક)ના સવાલ સંબંધી હતો.

એલિઝાબેથ વિચક્ષણ અને રાજદ્વારી વ્યક્તિ હતી. અને જ્યારે તેણીએ પાર્લમેન્ટ તરફથી ઘણી વિરૂદ્ધતા જોઈ ત્યારે તેણી ડહાપણથી સમજી ગઈ અને એ ચળવળ શાંત કરવાને, જોકે બધા નહિ, પરંતુ કેટલાક પ્રકારની "મોનોપોલીઓ" કાઢી નાખી અને એ પ્રમાણે પોતાનો ખાસ રાજહક્ક જાળવી રાખ્યો.

૭. એલિઝાબેથના રાજ્ય સમયના મહત્ત્વના બનાવો:—

એલિઝાબેથના રાજ્યનો સમય એ ઈંગ્લંડના ઇતિહાસમાં સારામાં સારો સમય ગણાય છે. તેણીના રાજ્ય સમયના કેટલાક કીર્તિમાન બનાવો નીચે પ્રમાણે છે:—

(૧) પરદેશના રાજ્યો સાથેનો સંબંધ:—

સ્કૉટ લોકોની રાણી મેરિ તે વખતે ઈંગ્લંડની ગાદી માટે હરીફ હતી. એલિઝાબેથ બીતી હતી કે પોતાના મરી ગયા પછી તે ઇંગ્લંડની ગાદી પર આવશે અને ઈંગ્લંડ ફરીથી ધાર્મિક વીખવાદોને લઇને છિન્નભિન્ન થઈ જશે અને ફ્રાન્સ અને સ્પેનની પરાધીનતા ભોગવશે.

એલિઝાબેથે તે વાસ્તે સ્કૉટલંડની "ધાર્મિક સમાજના ઉમરાવો" સાથે સલાહ કરી જેમાં તેઓએ વચન આપ્યું કે મેરિ કદી ઇંગ્લંડની ગાદીનો દાવો નહિ કરે. અને એ કરારને પરિણામે ફ્રાન્સના લશ્કરને સ્કૉટલંડ હંમેશને માટે છોડવું પડ્યું. આથી ઇંગ્લંડ અને સ્કૉટલંડ વચ્ચે નિકટ સંબંધ થયો અને એવી રીતે સ્કૉટલંડમાં ફ્રાન્સની લાગવગનો કાયમને માટે અંત આવ્યો. જ્યારે ઇંગ્લંડ પર સ્પૅનિશ અજય અરમારે હુમલો કર્યો ત્યારે ઇંગ્લંડ અને સ્કૉટલંડ વચ્ચેની મિત્રાચારી ઘણી લાભદાયક થઈ પડી.

(૨) પ્રજાકીય ધર્મ સંસ્થાની સ્થાપના:—

પ્રોટેસ્ટંટ ધર્મને સારા પાયા પર મૂકવાને કેટલાક ફેરફાર દાખલ કરવામાં આવ્યા. તે ધર્મને ઘણે અંશે નિર્મળ અને સાદો કરવામાં આવ્યો. ધર્મ સંબંધી ઘણી છૂટ આપવામાં આવી. એ પ્રમાણે એલિઝાબેથના વખતમાં ધર્મનો વિકાસ સંપૂર્ણ થયો. ઇંગ્લંડમાં પ્રજાકીય ધર્મસંસ્થા સ્થપાઈ અને ઇંગ્લંડના ધર્મનો ઉપરી—પોપને બદલે—ઇંગ્લંડનો રાજા હોવાની લોકોની તીવ્ર ઇચ્છા પાર પડી.

(૩) હુન્નર ઉદ્યોગનો વિકાસ:—

નેધરલેન્ડઝ અને ફ્રાન્સમાં ધાર્મિક જુલમને લીધે પ્રોટેસ્ટંટ લોકો પોતાનાં ઘર છોડીને ઇંગ્લંડમાં આશ્રય લેવા આવ્યા. તેઓ પોતાની સાથે કેટલીક હુન્નર કળાઓ લાવ્યા. અને એ પ્રમાણે ઇંગ્લંડના ઔદ્યોગિક જીવનનો વિકાસ થયો.

(૪) સાહિત્યનો યુગ:—

એલિઝાબેથ પોતે સાહિત્યની શિક્ષિકા હતી અને તેમાં બહુ રસ લેતી. ઘણા મહાન લેખકો જેવા કે શેક્સ્પીઅર, બેકન, સ્પેન્સર, હૂકર વિગેરેને તેણીના તરફથી ઉત્તેજન મળ્યું. તે સમયમાં આ લેખકોને હાથે સારાં સારાં પુસ્તકો બહાર પડયાં. અને તેટલા માટે એલિઝાબે-

થના રાજ્યનો સમય એ ઇંગ્લંડના સાહિત્યના ઇતિહાસમાં સોનેરી યુગ ગણાય છે.

(૫) નૌકા:—

સ્પૅનિશ અરમારના ઇંગ્લંડ પર કરેલા હુમલા પછી ઇંગ્લંડને શીખામણ મળી કે સ્વરક્ષણને માટે દેશને બળવાન નૌકાની જરૂર છે. સ્પૅનિશ અરમારની હારથી ઇંગ્લંડના લોકોમાં નૌકા સાહસનો જુસ્સો પ્રેરાયો. તે વખતથી ઇંગ્લંડ એક બળવાન દરીયાઈ સત્તા તરીકે શ્રેષ્ટ સ્થાન ભોગવે છે.

સવાલો.

૧ એલિઝાબેથના વખતમાં ધાર્મિક સુધારાની પ્રગતિ વિષે જે જાણતા હો તે લખો. (જુઓ વિભાગ ૨જો, અ, બ, ક).

૨ "એલિઝાબેથના રાજ્યનો સમય ઇંગ્લંડના ઇતિહાસમાં સોનેરી યુગ ગણાય છે" તે સમજાવો.
(જુઓ વિભાગ ૭મો).

૩ એલિઝાબેથનો પોતાની પાર્લમેન્ટ સાથેનો સંબંધ શો હતો તે સમજાવો. (જુઓ વિભાગ ૬ઠ્ઠો).

૪ નીચેના પર ટુંક નોંધ લખો:—

(૧) એલિઝાબેથની ધાર્મિક અને પરદેશી રાજ્યો પ્રત્યેની નીતિ.

(૨) અજય અરમાર.

(૩) એલિઝાબેથના વલ્લભો.

(૪) એલિઝાબેથના રાજ્યના મહત્ત્વના બનાવો.

(૫) "સર્વોપરિપણાનો કાયદો" તથા "ભક્તિની સમાનતાનો કાયદો."

પરિશિષ્ટ.

ટ્યૂડર સમયના સામાન્ય જાણવાજોગ બનાવો.

૧. ટ્યૂડર રાજાઓ ઇંગ્લંડમાં સ્વતંત્ર રાજ્યસત્તા સ્થાપવાને કેવી રીતે શક્તિમાન થયા તેનાં કારણો.

ઇંગ્લંડમાં સ્વતંત્ર રાજ્યસત્તા સ્થાપવાને ટ્યૂડર રાજાઓ નીચેના સંજોગોને લઈને શક્તિમાન થયા હતાઃ—

(૧) ગુલાબના વિગ્રહોમાં ફ્યૂડલ ઉમરાવોનાં ઘણાંખરાં કુટુંબો તદ્દન પાયમાલ થઈ ગયાં હતાં અને તેથી રાજાપરનો મોટો અંકુશ દૂર થયો હતો.

(૨) મુલ્કી વિગ્રહોના અંધેરને લઈને ઇંગ્લંડની પ્રજા પ્રજાકીય સ્વતંત્રતાને ભોગે પણ જાનમાલની સહીસલામતી મેળવવાને તૈયાર હતી.

(૩) પાર્લમેન્ટ હજી શરૂઆતની સ્થિતિમાં હતી તેથી તે સંસ્થા રાજા પર કંઈ પણ અંકુશ મૂકી શકે તેમ ન હતી.

(૪) પ્રજા અને પાર્લમેન્ટથી સ્વતંત્ર રીતે રાજ્ય ચલાવવાને પ્રિવી કાઉન્સિલ (મંત્રી મંડળ) નામની રાજાની ખાનગી સભા ઘણું ઉપયોગી હથિઆર થઈ પડી.

(૫) ઇંગ્લંડમાં ધાર્મિક સુધારાની ચળવળને પરિણામે સ્વદેશ તેમજ પરદેશમાં વીખવાદ તથા ઝઘડા થતા હતા અને આવા સંજોગોમાં દેશમાં શાંતિ જાળવવાને બળવાન રાજાની જરૂર હતી. ટ્યૂડર રાજાઓ આ સ્થિતિને પહોંચી વળવાને શક્તિમાન હતા અને જે શાંતિ અને વ્યવસ્થાની તે વખતે ઇંગ્લંડના લોકોને બહુ જરૂર હતી તે તેઓ જાળવી શક્યા.

(૬) વિદ્યાના પુનર્જીવનના કાળને લીધે લોકોના મન રાજ્ય ખટપટમાંથી વેપાર ઉદ્યોગના સાહસો તરફ દોરવાયાં. અને તેને માટે બધી વસ્તુઓ કરતાં પણ સહીસલામતી અને વ્યવસ્થાની પૂરી જરૂર હતી.

(૭) દારૂગોળાની શોધે રાજાને એક મજબૂત હથિઆર પૂરૂં પાડયું જેની સામે ફ્યૂડલ ઉમરાવોના કિલ્લા ટકી શકે તેમ ન હતા. એથી દુશ્મનોના હુમલા વખતે રાજાઓને ઉમરાવો પર મદદ માટે આધાર રાખવાની જરૂર રહી નહિ.

(૮) ટ્યૂડર રાજાઓ પૈસા સંબંધમાં કરકસરીયા હતા અને તેથી લડાઈને વખતે પૈસાની મદદ માટે પાર્લમેન્ટ પર આધાર રાખવો પડતો નહિ.

૨ ટ્યૂડર સમયના લાક્ષણિક બનાવો:—

(૧) ધર્મ:—

ટ્યૂડર સમયના મુખ્ય બનાવોમાં ધાર્મિક સુધારાની ચળવળ એ મોટામાં મોટો બનાવ છે. સોળમા સૈકાની શરૂઆત સુધી તુર્કસ્તાન સિવાયના યુરોપના બધા દેશોમાં રોમન કૅથૉલિક ધર્મ સ્થાપિત ધર્મ તરીકે હતો. રોમના સંપ્રદાયમાં પોપનું આધિપત્ય આખા યુરોપમાં શ્રેષ્ટ ગણાતું. પણ તેજ સૈકાની શરૂઆતમાં એક મોટો ફેરફાર થયો. દેવળના ધર્મગુરૂઓમાં ભ્રષ્ટતા અને દુરાચાર માલુમ પડવાથી ઘણા દેવળોએ રોમના સંપ્રદાય સાથેનો સબંધ તોડી નાખ્યો અને તેની સત્તા-માંથી તેઓ છૂટાં પડી ગયાં. આને ધાર્મિક સુધારાની ચળવળ કહે છે.

ઈંગ્લંડમાં કૅથેરાઈના છૂટા છેડાના પ્રશ્નને લીધે ૮ મા હેન્રિએ કૅથૅલિક પંથ સાથેનો સંબંધ તોડી નાખ્યો; ઇંગ્લંડમાં તેણે પોપની સત્તા રદ કરી; રિવાજ મુજબ મોકલાતો ધાર્મિક ઉપજનો પહેલો ભાગ બંધ કર્યો; અને પોતે ઇંગ્લંડના ધર્મનો ઉપરી થયો. તેના મરી ગયા પછી ધાર્મિક સુધારાની વધારે પ્રગતિ ૬ઠ્ઠા અડવર્ડના વખતમાં થઇ. આ નવો ધર્મ સ્થાપવાને માટે કેટલાક સુધારા દાખલ કરવામાં આવ્યા. જ્યારે મેરિ ગાદીપર આવી ત્યારે પોતાના પહેલાં આવી ગયેલા રાજાઓના વખતમાં જે કાંઇ કરવામાં આવ્યું હતું તે તેણીએ તોડી પાડયું. પછી આ નવો ધર્મ ફરીથી સ્થાપવાની ખરી પ્રગતિ એલિઝાબેથના વખતમાં થઈ. આ પ્રમાણે પ્રજાકીય ધર્મસંસ્થા સ્થા-

પવાને માટે સ્વદેશ અને પરદેશમાં જે કેટલાક ધાર્મિક ફેરફારો થયા તેને માટે ટ્યૂડર રાજાઓનો યુગ પ્રખ્યાત છે.

(૨) ટ્યૂડર રાજાઓની આપ અખત્યારી:—

ગુલાબના યુદ્ધો પછી ઇંગ્લંડમાં અવ્યવસ્થા અને અંધેર હતું. ૮મા હેન્રિ અને તેની પછીના રાજાઓએ શાંતિમય રાજ્ય કે જેની ઇંગ્લંડને તે વખતે જરૂર હતી તે સ્થાપ્યું. તેટલા માટે પ્રજા ટ્યૂડર રાજાઓને અંધેરની આફતમાંથી બચાવનાર તરીકે માનવા લાગી. આથી ટ્યૂડર રાજાઓ સ્વતંત્ર રાજ્યસત્તા સ્થાપવાને શક્તિમાન થયા. તેઓએ ગ્રહણ કરેલી રાજનીતિ પ્રજાના હિતમાં હતી. અને જ્યારે લોકો અને પાર્લમેન્ટ બહુ સામા થતાં ત્યારે તેઓ નમી જતા. આ પ્રમાણે આપણે જોઇએ છીએ કે ટ્યૂડર રાજાઓનું રાજ્ય એ લોકહિતાર્થે અને આપ અખત્યારીનું હતું.

(૩) પ્રજાની સાહસિક ભાવનાનો વિકાસ:—

ટ્યૂડર સમયમાં ઘણી શોધો થઈ. કોલમ્બસે અમેરીકા શોધી કાઢ્યો, વાસ્કો ડી ગામાએ 'ગુડ હોપ'ની ભૂશિરની આસપાસ મુસાફરી કરીને પૂર્વ તરફનો નવો દરિયાઇ માર્ગ શોધી કાઢ્યો. તે સિવાય બીજી ઘણી દરીયાઇ મુસાફરીઓ અને સફરો થઈ હતી. અને એ પ્રમાણે એ વખતની પ્રજાની સાહસિક ભાવનાનો વિકાસ થયો.

(૪) છાપવાની કળાની શોધ અને વિદ્યાનું પુનર્જીવન:—

છાપવાની કળાની શોધ થઈ અને એથી ચોપડીઓ સસ્તી થઈ અને ગરીબ લોકોને પણ મળી શકતી. કેળવણીનો બહોળો પ્રચાર થયો અને સાહિત્યનો વિકાસ થયો અને લોકોનું ધ્યાન ગ્રીક અને લૅટિન સાહિત્ય (Classical Literature) તરફ વળ્યું.

(૫) ગ્રંથકારો અને લેખકો:—

શેક્સપીઅર, હૂકર. બેકન જેવા ઘણા પ્રખ્યાત ગ્રંથકારો અને લેખકો ટ્યૂડર સમયમાં થઇ ગયા. એલિઝાબેથના સાહિત્ય પ્રત્યેના અતિ પ્રેમને લઇને ખાસ તેણીના વખતમાં તેઓને ઉત્તેજન મળ્યું,

(૬) નૌકા:—

ઇંગ્લંડ એક ટાપુ હોઇને નાવિક લોકોથી વસેલ છે. તે સમયે

ઇંગ્લંડ પાસે પોતાના રક્ષણને માટે ઘણું નાનું નૌકા સૈન્ય હતું, પરંતુ સ્પેનના અજય અરમારે હુમલો કર્યો પછી ઇંગ્લંડને શીખામણ મળી કે તેને પોતાના રક્ષણ માટે બળવાન નૌકા સૈન્યની જરૂર છે; તેથી નૌકા સૈન્યને એલિઝાબેથના વખતથી સંગીન પાયાપર મૂકવામાં આવ્યું.

(૭) ૬ ઠ્ઠા એડવર્ડ સિવાય બધા ટયૂડર રાજાઓ શરૂઆતમાં લોકપ્રિય હતા અને છેવટે પોતાના તામસી સ્વભાવને લીધે અપ્રિય થયા.

(૮) ઇંગ્લંડની આબાદી:—

ટયૂડર રાજાઓએ પરદેશમાં ધાર્મિક જુલમમાંથી દુ:ખી લોકોને આશ્રય આપ્યો. પરિણામે જેઓ ઇંગ્લંડ આવ્યા તેઓ પોતાની સાથે કેટલાક હુન્નર ઉદ્યોગો લાવ્યા. આ ઉદ્યોગોની ગવર્મેન્ટની મદદથી ખીલવણી થવાથી વેપારની આબાદી થઈ અને દેશની સમૃદ્ધિમાં વધારો થયો.

૩ ધાર્મિક સુધારાની ચળવળ:—

જુઓ પાનાં............૧૮ થી ૨૧.

અન્ય રાજાઓના વખતમાં થયેલ પ્રગતિ:—

ધાર્મિક સુધારાની ચળવળ ખરેખરી ૬ઠ્ઠા એડવર્ડના વખતથી શરૂ થઇ. જ્યારે ૮ મો હેન્રિ મરી ગયો ત્યારે ૬ ઠ્ઠો એડવર્ડ સગીર હતો; પરંતુ સમરસેટનો અર્લ જે ચુસ્ત પ્રોટેસ્ટંટ હતો તેની દેખરેખ નીચે તેને મૂકવામાં આવ્યો. તેણે નીચે પ્રમાણે સુધારા દાખલ કરીને નવા ધર્મની પ્રગતિ કરી:—

(૧) "ભક્તિની સમાનતાના કાયદા"થી તેણે "સાર્વજનિક પ્રાર્થનાની પોથી" ઇંગ્લંડના બધા દેવળોમાં 'માસ' સ્તુતિ વખતે વાંચવાનો હુકમ કર્યો. આ પ્રમાણે લૅટિન ભાષામાં થતી પ્રાર્થના બંધ કરવામાં આવી.

(૨) રોમન કૅથૉલિક ધર્મની ઉપાસના તેણે બંધ કરી અને બળી કુંડો (altars) અને સન્ત પુરૂષોની મૂર્તિઓ દૂર કરાવી.

(૩) જૂનાધર્મના ધર્મ ગુરૂઓ અને પાદરીઓને ટાવરમાં પૂર-

વામાં આવ્યા અને નવા ધર્મના અનુયાયીઓને તેઓની જગ્યાએ નીમવામાં આવ્યા.

જો ૬ ઠ્ઠો એડવર્ડ લાંબા વખત સુધી જીવ્યો હોત તો પ્રોટેસ્ટંટ ધર્મ સ્થાપવાનું કામ સંપૂર્ણ રીતે પૂરૂં થયું હોત; પરંતુ તે વહેલો મરી ગયો અને તેના પછી તેની બેન મેરિ ગાદીપર આવી.

મેરિ—એરેગૅાનની કૅથેરાઇન જે આ ધાર્મિક સુધારાની ભોગ થઈ પડી હતી—તેની દીકરી હોઇને ચુસ્ત કૅથૉલિક હતી. ગત રાજ્યમાં જે કરવામાં આવ્યું હતું તે તેણીએ તોડી પાડયું અને પોપના પ્રતિનિધિને ઇંગ્લંડ આવવાનું આમંત્રણ મોકલ્યું. તેણી તેને પગે પડી અને ગત રાજ્યમાં જે પાપ થયાં હતાં તેની માફી માગવા સર્વ લોકોને કહ્યું. જેઓ સામા થયા તેઓને જીવતા બાળી નાખ્યા. તેઓમાં લૅટિમર અને રિડલી મુખ્ય હતા. તે સિવાય બીજો કેટલોક જુલમ થયો; તે એટલો બધો ત્રાસદાયક હતો કે તેણીને ખૂની મેરિનું નામ આપવામાં આવ્યું.

પાંચ વર્ષના ટુંકા રાજ્ય અમલ પછી, રાણી મેરિ મરી ગઇ અને એલિઝાબેથ ગાદીપર આવી. તેણી ચુસ્ત પ્રોટેસ્ટંટ હતી અને એ તરીકે પ્રોટેસ્ટંટ ધર્મ ફરીથી સ્થાપવાને માટે તેણીએ પગલાં લીધાં. પરંતુ તેણી બહુ શાણી અને ડાહી રાજ્યકર્ત્તા હતી. તેણીને માલુમ પડયું કે જો પોતે હદ ઉપરાંત પોતાની સત્તા અજમાવશે તો લોકોમાં ચોક્કસ અપ્રિય થઇ પડશે.

તેટલા માટે તેણીએ મધ્યમ નીતિ ગ્રહણ કરી જેથી પોતે નક્કી કરેલા ધર્મનાં સૂત્રોને માનવા લોકોને ફરજ પાડી શકે. આ વાસ્તે તેણીએ "સર્વોપરિપણાનો" અને "ભક્તિની સમાનતાનો" એમ બે કાયદા પસાર કર્યા; પ્રોટેસ્ટંટ અને રોમન કૅથૉલિક બન્નેએ રાણીને સર્વોપરિ ગણવાના સોગન ખાઈને તે કાયદા કબુલ રાખવાના હતા.

(૧) "સર્વોપરિપણાના કાયદા"થી પોતે ધર્મ અને રાજ્યના અધિપતિ તરીકે જાહેર થઈ અને રાજ્ય પ્રત્યે વફાદારીના સોગન ખાવાને અને પોતે નક્કી કરેલ ધર્મનાં સૂત્રોને માનવાને બધાને ફરજ

પાડી. જેઓએ તેમ કરવાને ના પાડી તેઓ "નૉન કૉન્ફૉર્મિસ્ટસ"— પ્યૂરિટન્સ (શુદ્ધિમાર્ગીઓ) કહેવાયા, તેઓ એ નામથી ઓળખાવા લાગ્યા કારણકે ઇંગ્લંડના સ્થાપિત થયેલા નવા ધર્મને તેઓએ માન્યો નહિ, અને હજી પણ તેઓને એથી વધારે નિર્મળ અને સાદો ધર્મ જોઈતો હતો.

તે સિવાય તેણીએ કેટલાક સુધારા દાખલ કર્યાં.

(૨) ધાર્મિક બાબતોમાં પોપની સત્તા ઇંગ્લંડમાં રદ કરવામાં આવી અને એ પ્રમાણે ૮ મા હેન્રિએ અને ૬ ઠ્ઠા એડવર્ડે નક્કી કર્યા મુજબ રાજાની રાજ્ય અને ધર્મ પરની સર્વોપરિ સત્તા સ્થાપિત થઈ.

(૩) ધાર્મિક ઉપજનો પહેલો અને દશમો ભાગ રોમ મોકલાતો બંધ થયો અને રાજાને આપવામાં આવ્યો.

(૪) પોતાની બેન મેરિએ પસાર કરેલ બધા કાયદાઓ રદ કર્યા.

(૫) ફરીથી અંગ્રેજી ભાષામાં પ્રાર્થના કરવાનો અને બાઇબલનો માતૃભાષામાં છૂટથી ઉપયોગ કરવાનો રિવાજ દાખલ કર્યો.

(૬) એલિઝાબેથે "હાઇ કમિશન" નામની એક કચેરી સ્થાપી અને એ કચેરીને પોતાની ધર્મ સંબંધી સત્તા સોંપી દીધી.

(૭) ૬ ઠ્ઠા એડવર્ડના વખતમાં ક્રેન્મરે ઇંગ્લંડના ધર્મનાં નક્કી કરેલાં સૂત્રોની ૪૨ કલમને બદલે ૩૯ કલમ રાખવામાં આવી.

(૮) ૬ ઠ્ઠા એડવર્ડના વખતમાં તૈયાર કરેલ બીજી "સાર્વજનિક પ્રાર્થના પોથી"નું પુનઃ સ્થાપન થયું; અને "ભક્તિની સમાનતાના" કાયદા પ્રમાણે સર્વ દેવળોમાં તે વાપરવાનો હુકમ થયો. તે ન વાપરનારાઓ માટે સખત સજા રાખવામાં આવી.

આ પ્રમાણે પ્રોટેસ્ટંટ ધર્મ સારા પાયા પર મૂકવાને ઘણા સુધારા દાખલ કરવામાં આવ્યા. અને બને ત્યાં સુધી તેને નિર્મળ અને સાદો કરવામાં આવ્યો. એવી રીતે એલિઝાબેથના વખતમાં ધર્મનો વિકાસ સંપૂર્ણ થયો. ઇંગ્લંડમાં પ્રજાકીય ધર્મ સંસ્થા સ્થપાઈ અને ઇંગ્લંડના ધર્મનો ઉપરી—પોપને બદલે—ઇંગ્લંડનો રાજા હોવાની તીવ્ર ઇચ્છા પાર પાડી.

૪ ટયૂડર રાજાઓ અને તેઓની પાર્લમેન્ટ:—

ટયૂડર રાજાઓનું રાજ્ય પ્રજાકીયહિતપર સ્થપાયું હતું અને તેટલા માટે રાજા અને પાર્લમેન્ટ વચ્ચે ભાગ્યેજ વીખવાદ થતો. ટયૂડર રાજાઓ પૈસા સંબંધી બહુજ કરકસરીયા હતા અને વિગ્રહોથી દૂર રહેતા. વિગ્રહોથી પ્રજાકીય પૈસાનો મોટો વ્યય થાય છે અને ઘણું કરીને પૈસાની તંગીથી રાજાને પાર્લમેન્ટ પર આધાર રાખવો પડે છે.

ટયૂડર રાજાઓનો સમય મુલ્કી અને વિદેશી વિગ્રહોમાંથી લગભગ તદ્દન મુક્ત છે. વળી ટયૂડર રાજાઓ લોકોનો સ્વભાવ બરાબર જાણતા હતા અને જ્યારે તેઓ પાર્લમેન્ટ તરફથી કોઈપણ જાતની વિરૂદ્ધતા જોતા ત્યારે તેની ઇચ્છાને તેઓ એકદમ તાબે થઈ જતા.

રાજાને જ્યારે પૈસાની જરૂર પડતી ત્યારેજ પાર્લમેન્ટ બોલાવવામાં આવતી. ટયૂડર રાજાઓમાંના ઘણા ખરા પાસે પૈસો પુષ્કળ હતો. અને કદી પૈસાની ખેંચમાં ન રહેતા. જ્યારે જ્યારે પાર્લમેન્ટને બોલાવવામાં આવતી ત્યારે ત્યારે લોકોની ઇચ્છા પ્રમાણે વર્તતા અને તેઓની સાથેના વીખવાદથી દૂર રહેતા.

૭મો હેન્રિ પોતે પૈસાનો બહુ શોખીન હતો અને તેના ચોવીસ વર્ષના રાજ્ય સમયમાં તેણે પુષ્કળ પૈસો એકઠો કર્યો હતો અને રાજ્યની તીજોરી ભરી હતી.

૮મો હેન્રિ કહેવત છે તે પ્રમાણે લોભી બાપની પછી ઉડાઉ દીકરો થયો. જો કે વિગ્રહોમાંથી મુક્ત રહેવાને તે ઘણી કાળજી રાખતો તોપણ મોજશોખની ટેવને લીધે વારંવાર પૈસાની ખેંચમાં રહેતો. પણ તેની પાસે વુલ્સિ અને ક્રૉમવેલ જેવા બાહોશ પ્રધાનો હતા. તેઓએ જોયું કે પાર્લમેન્ટ બોલાવવી એટલે રાજાની સત્તા અંકુશમાં મૂકવા જેવું છે. તેથી તેઓએ રાજા માટે અન્ય રસ્તાથી પૈસા મેળવવાને પ્રયાસ કર્યો.

વુલ્સિની પડતી પછી હેન્રિને પાર્લમેન્ટ વારંવાર બોલાવવી પડતી હતી. પરંતુ સભાસદો કેળવાયેલા ન હતા. પ્રજાકીય સ્વતંત્રતા અને હક્કનો વિચાર તે વખતે હજી શરૂઆતની સ્થિતિમાં હતો અને તેથી જો કે સભાસદો લોકોના પ્રતિનિધિ હતા તોપણ રાજાનાજ

નીમેલા સભ્યો જેવા હતા. જે પાર્લમેન્ટ બેસતી તે રાજાની ઇચ્છાને તાબે રહેતી અને તે માત્ર રાજાના હાથમાં રમકડાં સમાન હતી. પ્રજાકીય સ્વતંત્રતા અને હક્કનો વિચાર હજી એટલો બધો પ્રબળ થયો નહતો. લોકો બળવાન ઉમરાવોથી દબાતા રહેતા હતા. સલાહ શાંતિ ભાગ્યેજ માલુમ પડતી અને સંસ્કૃતિ અને કેળવણીની સારી તક તેઓને હજી પ્રાપ્ત થઈ ન હતી. ટ્યૂડર રાજાઓના સમયમાં તેઓને પોતાના હક્ક મેળવવાને આ બધી સગવડતાઓ મળી. જોકે સામાજિક, આર્થિક, રાજકીય અને ધાર્મિક વિકાસ સંબંધમાં તે સમય પરિવર્તનનો હતો તોપણ લોકો ઘર આગળ શાંતિથી રહી શક્યા અને પોતાના હક્ક અને સ્વતંત્રતાનો ખ્યાલ કરી શક્યા.

આ પ્રમાણે એલિઝાબેથના વખતમાં સર્વદેશીય વિકાસ થયો. ભલી રાણીના નામથી ઓળખાતી એલિઝાબેથે ૪૫ વર્ષ સુધી રાજ્ય કર્યું અને દૂર અંદેશીથી લોકોને સ્વતંત્રતા આપીને પોતે સ્વદેશ અને પરદેશમાં લોકપ્રિય થઈ પડી અને ઇંગ્લંડને આધુનિક સ્થિતિમાં મૂક્યું. શરૂઆતના વર્ષોમા તેણી પાર્લમેન્ટને વારંવાર બોલાવવાની વિરૂદ્ધમાં હતી પણ જ્યારે તેણીએ છેવટના ભાગમાં પાર્લમેન્ટને બોલાવી ત્યારે લોકોના વ્યાજબી હક્કો આપવામાં ઘણી સાવધ હતી.

આ સ્વતંત્રતાની ભાવના તેણીએ તે સમયના લોકોમાં પોષી તેથી તેઓને પોતાના હક્કોનું અને સ્વતંત્રતાનું ભાન થયું.

૫. ટ્યૂડર રાજ્યકર્ત્તાઓના સમયથી ઇંગ્લંડના ઇતિહાસમાં નવા યુગની શરૂઆત થાય છે.

ટ્યૂડર સમય આધુનિક ઇતિહાસમાં મહત્ત્વના બનાવો માટે પ્રખ્યાત છે.

લોકો મધ્ય યુગમાંથી સામ્પ્રત યુગમાં દાખલ થયા. તેઓના રીતરિવાજો અને સંસ્કારોમાં પરિવર્તન થયું. સાહિત્યનો વિકાસ થયો અને ગ્રીક અને રોમના સાહિત્યના અભ્યાસથી તે દિશામાં ઉત્સાહ વધ્યો. છાપવાની કળાની શોધથી કેળવણીનો પ્રચાર વધ્યો અને તેને પરિણામે લોકો ડાહ્યા અને વિદ્વાન થયા. પોપ, ધર્મગુરૂઓ, અને પાદ-

રીઓની ભુલો તેઓ સમજવા લાગ્યા અને તેથી ઇંગ્લંડમાં પ્રજાકીય ધર્મસંસ્થા સ્થાપી પોપની સત્તામાંથી મુક્ત થયા.

શાંતિ કે જે તે યુગનું મુખ્ય લક્ષણ હતું તેની સાથે ઈંગ્લંડમાં સંપત્તિ અને સમૃદ્ધિ વધી અને લોકોમાં સાહસની ભાવનાનો વિકાસ થયો. ડ્રેક, ફ્રૉબિશર, સર વૉલ્ટર રૅલિ, કોલમ્બસ અને વાસ્કો ડી ગામા જેવા વહાણવટીઓએ દુનિયાંની મુસાફરી કરી અને દુનિયાંના દૂરના ભાગોમાં યુરોપની પ્રજાઓનાં સંસ્થાનો સ્થાપ્યા.

જે કારીગરો અને વેપારીઓ ફ્રાન્સ અને હૉલંડમાંથી આવ્યા તેઓ પોતાની સાથે હુન્નર ઉદ્યોગ લાવ્યાં.

આ પ્રમાણે કેટલાંક દૃષ્ટિબિંદુથી જોતાં સાર્વજનિક હિત અને આબાદી એ તે સમયનાં મુખ્ય લક્ષણો હતાં. આ લક્ષણોએ ઇંગ્લંડની આધુનિક પ્રજા ઘડવામાં ઘણો હિસ્સો આપ્યો છે.

સવાલો.

૧. કયા સંજોગોને લીધે ટયૂડર રાજાઓ ઇંગ્લંડમાં સ્વતંત્ર રાજ્ય સ્થાપવાને શક્તિમાન થયા તે લખો.

(જુઓ વિભાગ ૧લો)

૨. ટયૂડર સમયના જાણવા જોગ બનાવો લખો.

(જુઓ વિભાગ ૨જો).

૩. યુરોપમાં ધાર્મિક સુધારાની ચળવળનાં કારણો આપો. ઈંગ્લંડમાં તેની શી અસર થઈ અને ટયૂડર રાજ્યકર્ત્તાઓએ તેમાં શો ભાગ લીધો હતો તે લખો.

(જુઓ વિભાગ ૩જો).

૪. ટયૂડર રાજ્યકર્ત્તાઓ અને તેઓની પાર્લમેન્ટ વચ્ચેનો સંબંધ દર્શાવો.

(જુઓ વિભાગ ૪થો).

૫. ટયૂડર સમયથી ઇંગ્લંડના ઇતિહાસમાં નવા યુગની શરૂઆત થાય છે" તે સમજાવો.

(જુઓ વિભાગ ૫મો).